


મધુર ચિંતા — શિલ્પી : વિનાયકરાવ કરમારકર

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું
આજનાં ઘરોનું માનીતું પત્ર

છૂટક ૦-૧૦-૦

આદ્યતંત્રી · રવિશંકર રાવળ
વર્ષ ૨૧ · ડીસેમ્બર'૪૪ · અંક ૨૫૨
સંપાદક · બચુભાઈ રાવત



ભાઈ-બહેન

ચિત્રલેખા · શ્રીમતી ભદ્રાબહેન દેસાઈ

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક વર્ષ ૨૧ · અંક ૧૨ ડીસેમ્બર · ૧૯૪૪ સળંગ અંક ૨૫૨મો

ઉઠી આંધી · શિખરિણી ·

ઉઠી આંધી, ધ્રૂજ્યા ગઢ ધરણીના થૈ તણખલાં,
સમુદ્રે ઝંઝાના તુરગ હણહણ્યા, ને ગગનથી
ઝીંકી વજ્રાઘાતો પ્રલયજીભ શી વીજ સળકી,
ખડ્યાં ધીંગાં વૃક્ષો. ચલઅચલ તત્ત્વો થરથર્યાં.

અમે એવે ટાણે વિજન વગડામાં દઢ ડગે
વિછોડી બંધોને ચિર મમતના, આથડી રહ્યા:
અમારી યાત્રાનું પગરણ હતું એ, મનસૂબા
હતા જોવાના કૈં ક્ષિતિજ અણદીઠા સ્વપનના.
અહો શી ઝંખા? શી લગન દિલ? શી ઉત્કટ તૃષા?
ફના થાતાં થાતાં સુખ વધત ભ્રુસ્તાક મનમાં!

ન થાક્યા. ના થોભ્યા નિરખી યમદૂતો પ્રલયના
ખુમારી હૈયાની લગરીક ન દીધી કથળવા.
વિરામી ઝંખે શું યુગપથિક કો દિ' ઘરદીવા?
ચહે આપત્તિમાં કુશળ નિજનું શું મરજીવા?
ઉઠી આંધી: માંડ્યા અગણ અણતોળ્યા મનસૂબા
ચઢી ઝંખા-પાંખે નિધનતટમાથે ભટકવા.

અસિદ્ધિના નિત્યે જીવતરમહીં ઘાવ ખમવા:
વિનાશે તેથી ઉત્તમ નવ શું કો સિદ્ધિ વરવા?

પ્રેમશંકર હ. ભટ્ટ

નદીકાંઠે સૂર્યાસ્ત · હરિણી ·

વ્યજન કરતી ઠંડી મીઠી જરા ધુમરાઇને,
બદન ભરતી તાજી સ્ફૂર્તિ હવા રમતી વહે.
સઘન ઢળતી વૃક્ષચ્છાયા અતીવ પ્રલંબિની,
સરિતજળમાં કંપીકંપી વિલુપ્ત થતી જતી.
સરપ સળકે, મત્સ્યો કૂદે, હલે જલકાચબો,
જલચરતણી સૃષ્ટિ ગૂઢાં રહસ્યથકી ભરી.
કુસુમદલને છેલ્લું ચૂમી, ટીપું મધનું લઇ,
અમરતભરી ગીતારીશી ગુંજે મધુમક્ષિકા.
ઘર ગમ જતી ખેડૂકન્યા ખિજાવત કોકિલા,
સ્વરહલકની સામાસામી બજે શરણાઇઓ.
ઉરપડળનાં એકાન્તોમાં છૂપા અભિલાખ શાં
નીરવ જગવી બોલી ઊઠે અહો તમારાં કશાં!
અણુઅણુ લહે તૃપ્તિ, શાંતિ, સુધ તવ સ્પર્શથી
મલયમધુરી હે સંધ્યા! હે નિતાન્ત મનોરમા!
ક્ષણ અરધમાં શોભા કિન્તુ જતી ઉપટી અને
નગરરચના ગાંધર્વી સૌ અલોપ થતી જતી.
સમસમ થતી સીમાઓના મહા સૂનકારમાં
અરવ ગરજે અંધારાંનો અફાટ સમુદ્ર શો!
નજર ચડતું આજુબાજુ હવે નવ કોઈ હ્યાં,
તિમિરજલમાં એકાકી હું રહ્યો જલદ્વીપ શો!

બાલમુકુન્દ દવે

કાગળ-નિયમન કાનૂનથી 'કુમાર'ની પૃષ્ઠસંખ્યા ઉપર પડેલા કાપને લીધે તેના વાચન અને વિભાગો પર પડેલો સંકોચ અમારી સતત ચિંતાનો વિષય હતો, ને તેના ઉકેલ માટે અમારા પ્રયત્નો ચાલુ જ હતા. અમને જણાવતાં આનંદ થાય છે કે કદાચ આવતા જ અંકથી 'કુમાર'ની પૃષ્ઠ-સંખ્યામાં સારા જેવો વધારો આપી શકીશું.—સંચાલક

સામયિક ચિંતન

હુકમનું પાનું

જર્મનીના વીટેમ્બર્ગ ગામનો એક સામાન્ય સાધુ પોપની અમાપ સત્તાને તોડી પાડે, ફ્રાન્સના એક ગામડાની ખેડૂત છોકરી ઈંગ્લંડનાં સુસજ્જ સૈન્યોનો પરાભવ કરે અને કાઠિયાવાડના નાનકડા દરિયાકાંઠાનો દૂબળા શરીરવાળો આદમી ભલભલી સલ્તનતનાં યે હાંજા ગગડાવી દે, ત્યારે જગતને આશ્ચર્ય થયા વિના ન રહે. પણ એમાં આશ્ચર્ય જેવું કશું નથી. ઈશ્વરની એ સનાતન કાર્યરીતિ છે. અને તેની પાછળ તેનો એક સરળ અને એટલો જ સબળ નિયમ વર્તે છે.

આપણે જોઇએ છીએ કે પત્તાની રમતમાં એક મામૂલી, હલકું–દુડી કે તીડીનું–પાનું પણ બાદશાહ કે એક્કાને પરાસ્ત કરી શકે છે—જો એ હુકમનું પાનું હોય તો. અને આપણી આ જીવન-મરણની રમતમાં આ બધાં હુકમનાં પાનાં જ હોય છે. તેમના હૃદયમાં એક રાજેશ્વરી મૂર્તિ વિરાજમાન હોય છે. લ્યૂથરનો ઇસુ, જોનનો દેવદૂત કે મહાત્માજીનો અંતરાત્મા—ગમે તે નામથી તેને ઓળખો, તેની ઇચ્છામાંથી તેમનાં કાર્ય ઉદ્ભવે છે. તેમનું હૃદય એક મહાશક્તિ સાથે એકરૂપ થયું હોય છે. અને એ વિશ્વ-ચૈતન્ય સાથેના સંયોગથી તેમનામાં એવું અભૂતપૂર્વ બળ આવે છે કે જેની સામે દુનિયાની ગમે તેવી જુલ્મગાર સત્તા પણ ટકી નથી શકતી.

પણ આવી અમોઘ શક્તિ માત્ર પોતાના માનીતા અમુકને જ ઈશ્વર આપે છે તે સાચું નથી. ઊલટું, વધારે સાચું એ છે કે આપણે સૌ એ શક્તિના વારસદાર છીએ. ખુલ્લું દિલ, શ્રદ્ધા, સચ્ચાઈ અને નિયત માર્ગે પગલું ભરવાની દૃઢતા, એટલી મૂડી હોય તો ઘણું. આપણે જાતના લાભ માટે રાતદિવસ કામ કરીએ છીએ; પરિણામે આવે છે નિરાશા, થાક, અસંતોષ. એક વાર લાભ કે હાનિની ગણતરી છોડી, તમારામાં ઊંડેઊંડેથી આવતા અવાજને સાંભળવાની તસ્દી લઇ, તેના કહ્યા પ્રમાણે આચરી તો જુઓ! એક વાર તેના હુકમનું પાનું બની તો જુઓ! કદાચ તેના વચન પ્રમાણે કરવાથી પરાજય પણ આવશે તો યે તેનો સ્વાદ, તમે કુનેહથી મેળવેલા વિજય કરતાં જુદો જ હશે. કદાચ એ પરાજય જ ખરો વિજય હશે.

ત્યારે વાત આ છે. આપણી સાચીખોટી ધારણા નહિ, પણ એક પરમ સત્ય, એક પરમ શક્તિની ઇચ્છા આપણા દરેક કાર્યની પ્રેરક હો! એ ઇચ્છાને ઓળખવી તે પણ મુશ્કેલ નથી. કહ્યું કે ખુલ્લું દિલ, પેલી શ્રદ્ધા અને સચ્ચાઇ રાખો; અજવાળું આપમેળે ઊતરશે. પણ સરળ માર્ગને અટપટો બનાવી દેવાનું જ આપણે શીખ્યા છીએ. આપણી ટૂંકી દૃષ્ટિ, બાંધેલા પૂર્વગ્રહો અને જાત પર વધુ પડતો વિશ્વાસ, આ સીધાં કિરણોના પ્રકાશને બાધક છે. આજના ડોલાયમાન વાતાવરણમાં શ્રદ્ધાની હોડી સ્થિર રહેવી મુશ્કેલ છે. સચ્ચાઈની સહનશીલતાના દોર બહુ કાચા છે.

પણ જો એક વાર નિશ્ચય કરો, પૂરા દિલની પ્રતિજ્ઞા કરો તો પડતાઆખડતા પણ તમે એને પહોંચ્યા સિવાય નહિ રહો. ચિંતાતુર ચહેરે જગન્માતા એવા, ભલેને ખૂણે જન્મેલા, પણ વીર બાળકની ખોજ કરી રહી છે. અને તેના હુકમનું એક પાનું ગમે તેવાની જોહુકમી પણ તોડી શકે છે એ તો તમે જાણો છો.

ત્રિકાળદર્શી વિદ્વત્તા, શીલભર્યું સાધુત્વ ને આથમતી અવસ્થાએ પણ હિમગિરિની પેલે પાર તિબેટના અંતરાળમાં જઈ

જ્ઞાન અને સંસ્કારનો પ્રકાશ પાડનાર

કુલપતિ

દીપંકર શ્રીજ્ઞાન

આ જે લગભગ એક હજાર વર્ષના વાવંટોળ આ ધરતીની કાયા-પલટ કરી ગયા છે, ત્યારે તેના સ્મૃતિશેષ ખંડેરમાંથી જે ભવ્ય ને ઉદાત્ત જીવનની આછી અધૂરી સુગંધ મ્હોરે છે તેમાં આચાર્ય દીપંકર શ્રીજ્ઞાનનું નામ અનોખું છે. ત્રિકાલદર્શી વિદ્વત્તા, શીલભર્યું સાધુત્વ, ને આથમતી અવસ્થાએ પણ હિમગિરિને પેલે પાર તિબેટના અંતરાળમાં પ્રકાશ પાડતું, સંસ્કૃતિના જ્યોતિર્ધરસમું તેમનું વ્યક્તિત્વ અદ્‌ભુત છે; અદ્‌ભુત તેટલું જ પુણ્યોજ્જ્વલ ને પ્રેરણાદાયી છે.

બંગાળના વિક્રમપુર રાજ્યના રાજાને ત્યાં ઇ. ૯૮૦માં તેમનો જન્મ. પિતાનું નામ કલ્યાણશ્રી; માતાનું નામ પ્રભાવતી. અને તેમણે પુત્રને આપેલું નામ ચન્દ્રગર્ભ. તેજદાર બુદ્ધિ, ગભીર શાન્ત સ્વભાવ અને અભ્યાસકવૃત્તિ તેમને વારસામાં મળેલી. બહુ નાની વયમાં જેતારી નામે વિદ્વાન સંન્યાસીને ત્યાં તેમને શિક્ષણ માટે મૂક્યા. ગુરુની છાયા તળે ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં તે પારંગત થયા. પણ ઉત્કટ જ્ઞાનપિપાસા તેમને નીરાંતે બેસવા દે તેમ ન હતી. અને બૌદ્ધ ધર્મ પ્રત્યે તેમને સ્વાભાવિક અનુરાગ હોવાથી એક દિવસે ઘરનો ત્યાગ કરી તે કૃષ્ણગિરિના વિહારમાં આચાર્ય રાહુલગુપ્ત પાસે અભ્યાસ કરવા ચાલ્યા ગયા. અહીં તેમણે બૌદ્ધ ધર્મશાસ્ત્રોનું સાંગોપાંગ અધ્યયન કર્યું. બૌદ્ધ ધર્મના આંતર રહસ્યનું દર્શન પામી શકવાથી રાહુલગુપ્તે તેમને નામ આપ્યું ગુહ્યજ્ઞાનવજ્ર.

પણ દીપંકરના હૃદયતલમાં, રવીન્દ્રના શબ્દમાં કહીએ તો, 'કોથાય આલો?' (ક્યાં છે પ્રકાશ?) એવી ઝંખનાનો જવાબ હજુ નહોતો સાંપડ્યો. કૃષ્ણગિરિથી તે ઉદાન્તપુરીના વિશ્વવિદ્યાલયમાં ગયા. અને ત્યાંના વિરલ ને એટલા જ અઘરા ગ્રંથોનું પરિશીલન કરી લીધું. દીપંકરની અસાધારણ પ્રતિભાથી ત્યાંના મહાસાંખ્યિક આચાર્ય શીલરક્ષિત એટલા તો પ્રભાવિત થયા કે ઓગણીસ વર્ષના એ ઊગતા જવાનને તેમણે દીપંકર શ્રીજ્ઞાનના અભિજાત નામથી સંમાન્યા. બૌદ્ધ ધર્મની દીક્ષા પણ તેમણે જ દીપંકરને સ્વહસ્તે આપી.

કહે છે કે જ્ઞાનસાધના માટે મીણબત્તીની માફક સળગવું જોઇએ. અને પોતાને જ્ઞાનના ઊંડા તલનો સ્પર્શ છતાં દીપંકરને આયુષ્યમાં હજી કશી ઊણપ નહોતી રહેવા દેવી. જિંદગીની એકેએક પળને પ્રજાળીને તેને પ્રકાશિત કરવાનો જાણે તેમનો જીવનમંત્ર હશે. નાલંદાનું નામ ત્યારે પ્રખર મધ્યાહ્ન પછી આથમતી સાંજને આરે છેલ્લો પ્રકાશ પાથરી રહ્યું હતું. બીજી બાજુ વિક્રમશીલાનો દિવસ હજુ ઊગતો હતો. બંને પાસેથી જ્ઞાન મેળવવાનું એ ન ચૂક્યા. નાલંદાનો અભ્યાસ પૂરો કરી વિક્રમશીલામાં તેમણે મંત્રશાસ્ત્રનું વિશેષ અધ્યયન કર્યું. ૨૯ વર્ષની વયે આ અભ્યાસ પૂર્ણ થતાં તે વજ્રાસન (બુદ્ધગયા) ગયા. અને બે વર્ષ સુધી ત્યાંના જ્ઞાનતીર્થનું જલપાન કરી તે પોતે જ જ્ઞાનનું જંગમતીર્થ બની ગયા. ૩૧મેં વર્ષે ધર્મરક્ષિત દ્વારા તેમનો ભિક્ષુઓની સૌથી ઉચ્ચ શ્રેણીમાં સ્વીકાર થયો.

પણ હજુ તેમને પોતાની યોગ્યતા વિષે પૂરતો સંતોષ ન થયો. તેમના હૃદયમાં ચિર-અંકિત થએલી જ્ઞાનના આદર્શની તેજોમય પ્રતિમા હજુ પણ તેમને દૂર લાગી. અને તેથી આખરે દૂર સુદૂરના સુવર્ણદ્વીપમાં (સુમાત્રા અથવા લંકા) આચાર્ય ચન્દ્રકીર્તિ પાસે વધુ શીખવા તે ચાલી નીકળ્યા. કેટલાયે દ્વીપ ને દેશોનું પરિભ્રમણ કરી, જ્ઞાનની ઉગ્ર તપસ્યા આચરી, બાર વર્ષ પછી તેમણે મગધની ભૂમિ પર ફરી પગ મૂક્યો.

આચાર્ય દીપંકરની તેજસ્વી પ્રતિભાએ ત્યારની સમસ્ત દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું. મગધમાં તેમનું આગમન થતાં પોતાના મહાચાર્ય તરીકે બૌદ્ધોએ તેમનું સ્વાગત કર્યું. અને રાજા નયપાલની વિનતિથી આચાર્ય દીપંકરે વિક્રમશીલાના કુલપતિનું પદ ગ્રહણ કર્યું. નાલંદાના એ અસ્તકાળે દેશદેશના જ્ઞાનાર્થીઓની તરસ છીપાવતી જગતની પ્રથમ કક્ષાની સર્વોચ્ચ વિદ્યાપીઠ તે હતી.

ભારતનું આ જ્ઞાનપર્વ જગતના અનેક દેશોમાં મંથન જગાવી શક્યું હતું. કેટલાયને પોતાના દેશમાં એવા સંસ્કારસ્વામીઓની ભૂખ જાગી હતી. સમ્રાટ અશોકે જે ધર્મ-સંદેશને ખંડેખંડમાં વ્યાપ્ત કરી દીધો હતો તેનો અમુક ભાગ તિબેટને પણ મળ્યો હતો. પણ શ્રી દીપંકરના સમયમાં ત્યાંના લોકોની આધ્યાત્મિક અને સામાજિક સ્થિતિ બહુ કરુણ દશાએ પહોંચી હતી. એટલે પોતાની પ્રજાને સુશિક્ષિત બનાવવા ત્યાંના રાજા જશી હાન્કોએ નિરધાર કર્યો. તિબેટમાં મળતું સર્વ જ્ઞાન સંપાદન કરેલા અને વધુ જ્ઞાનપ્રાપ્તિ માટે આતુર એકવીસ નવયુવકોનું જૂથ તેણે તૈયાર કર્યું અને વધારે પ્રકાશ મેળવવા ઉપરાંત કોઇ સમર્થ મહાપંડિતને પોતાને આંગણે નોતરવા તેમને ભારતદેશ વળાવ્યા. દુર્ગમ જંગલો, દુર્લંઘ્ય પહાડો ને હાડ થીજાવતી ઠંડી વચ્ચે આજથી એક હજાર વર્ષ પૂર્વે યાત્રા કરતા એ જ્ઞાનદીપ્ત યુવાનોમાંથી માત્ર બે જ હિંદની ભૂમિને નિહાળી શક્યા !

અભ્યાસ પૂરો કરી, આખા દેશનું પર્યટન કરી, તે બંને જણ સ્વદેશ જવા જ્યારે તૈયાર થયા ત્યારે **શ્રી** દીપંકર પર તેમની દૃષ્ટિ ઠરી ને તિબેટના રાજાનું તેમને આમંત્રણ આપ્યું. પણ કાર્યભારને અંગે તે તેમની સાથે નીકળી ન શક્યા. પોતાના દેશને જાગ્રત કરે એવા કોઈ પ્રબુદ્ધ આત્માની તિબેટનરેશને ભારે લગની લાગી હતી. ભારતથી તિબેટ સુધીની આચાર્યની હેમખેમ યાત્રા માટે જે ખર્ચ થાય તેટલું સુવર્ણ પોતાના ખજાનામાં ન હોવાથી એ રાજાએ બીજાં રાજ્યોમાં પ્રવાસ કરી જાતે વધુ ધન મેળવવા પ્રયત્નો આદર્યા. અને એક દિવસ નેપાળના વિધર્મી રાજાને હાથે તે કેદ થયા. તેમની મુક્તિ માટે ભારોભાર સુવર્ણ માગવામાં આવ્યું ને તેમ ન થાય તો પ્રાણદંડ દેવાનું ફરમાન થયું. તેમના વારસદારે જ્ય.રે એટલું ધન એકઠું કરી આપવા માંડ્યું ત્યારે જશી હોંકોએ કહ્યું, 'મારી મુક્તિ માટે એ સુવર્ણ વેડફો નહિ. મારો એકમાત્ર અભિલાષ છે કે ભારતથી આચાર્ય દીપંકરને તેડી લાવો ! તેના ખર્ચ માટે એ ધન રાખો. એ આવશે તો આપણા દેશમાં અજવાળાં ઊતરશે !' અને દેશની પ્રગતિ ઝંખતા એ રાજાએ પોતાની મુક્તિ કરતાં હસતે વદને જાતનું બલિદાન આપવાનું વધુ પસંદ કર્યું. તેમનો વારસ 'લ્હા-સુનપા ચન ચુબ હોદ' પણ ઉન્નતિ માટે એટલો જ આતુર હતો. વિજયધર નામના પંડિતને તેણે ફરી ભારત તરફ રવાના કર્યો.

વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂકેલા, કારુણ્યનયન દીપંકરે જ્યારે આ શ્રદ્ધા ને ભક્તિમયી કથા સાંભળી ત્યારે તેમનું હૃદય પ્રેમથી આર્દ્ર બની ગયું. પોતાના અતિવૃદ્ધ ગુરુ પાસે તેમણે તિબેટ જવાની અનુમતિ માગી. ઓસરતા જીવનકાળે, કોઇ દૂરની અજ્ઞાનમાં સબડતી જનતા કાજે, આભઊંચી ગિરિમાળ ઓળંગવા તૈયાર થએલા શિષ્યને જોઈ ગુરુએ કહ્યું, 'એ સ્વધર્મ છે ભાઈ. પણ જો અહીં રહેશે તો તારૂં આયુષ્ય ૯૩ વર્ષનું થશે; અને તિબેટ જવાથી તેમાં ૨૦ વર્ષનો ઘટાડો થઈ તે માત્ર ૭૩ વર્ષ સુધી ટકી શકશે.'

દીપંકરનાં હૃદય-ગાન (અનુ પૃ. ૨૦૫મે)



પંખીનું ભણતર

મૂળ લેખક : રવીન્દ્રનાથ ઠાકુર

એક હતું પંખી. એ હતું મૂરખ. તે ગીત ગાય, પણ શાસ્ત્ર ભણે નહિ. કૂદે, ઊડે; પણ જાણે નહિ કે કાયદાકાનૂન કોને કહેવાય.

રાજા બોલ્યા, 'આમ તે પંખી કંઈ કામે લાગતું નથી. ઊલટું વનનાં ફળો ખાઇને રાજ્યની ફળ-બજારને નુકસાન પહોંચાડે છે.' મંત્રીને બોલાવી કહ્યું, 'પંખીને શિક્ષણ આપો.'

૨


રાજાના ભાણેજ પર ભાર આવી પડ્યો, પંખીને શિક્ષણ દેવાનો. પંડિતો બેસીને કેટલો ય વિચાર કરવા લાગ્યા. પ્રશ્ન એ હતો કે 'ઉક્ત જીવની અવિદ્યાનું કારણ શું ?'

સિદ્ધાંત ઠર્યો કે, સામાન્ય તણખલાથી પંખીઓ જે માળા બાંધે છે તે માળામાં જ ઝાઝી વિદ્યા સમાય નહિ. એટલે સૌ પ્રથમ તો જરૂર છે એક મજાનું પાંજરૂં બનાવવાની.

પંડિતો દક્ષિણા પામી ખુશ થતા ઘેર ગયા.

૩

સોની બેઠા સોનાનું પાંજરૂં ઘડવા. પાંજરૂં એવું તો અદ્ભુત થયું કે તે જોવાને દેશ-



પરદેશના લોક ઊલટી પડ્યા. કોઈ કહે, 'શિક્ષણ અજબ બન્યું છે !' કોઈ કહે, 'શિક્ષણ ભલે ન થાય, પણ પાંજરૂં તો થયું. શું પંખીનું નશીબ છે !'

સોનીને થેલી ભરીને બક્ષિશ મળી. ખુશ થઇને તેણે તરત જ ઘર બાજુ મારી મૂક્યાં.

પંડિત બેઠા પંખીને ભણાવવા. છીંકણી લઈને બોલ્યા, 'આ કૈં અલ્પ પોથીનું કર્મ નથી.'



ભાણેજે તરત જ લહિયાઓને બોલાવી મંગાવ્યા. તેઓએ પોથીની નકલો, અને તેની નકલોની નકલો કરીકરીને ડુંગર જેવડો ઢગલો મારી દીધો. જે જોતા તે બધા કહેતા, 'શાબાશ, હવે વિદ્યા માતી નથી !'

લહિયાઓના દળે બળદ લદાય તેટલું પારિતોષિક લીધું. તરતજ ઘર તરફ દોટ દીધી. તેઓના સંસારમાં હવે શેની ય ખોટ રહી નહિ.

ખૂબ મૂલ્યવાન પાંજરાને સાચવવાની ભાણેજ પર પાર વગરની જવાબદારી આવી પડી. મરામત તો ચાલ્યા જ કરે. ઝાડઝૂડ, સાફસૂફ પાલીસ કામ ને એ બધી ઝાકઝમાળ જોઇને સૌકોઇ કહેતું, 'શી ઉન્નતિ થાય છે !'

ખૂબ લોકો આવવા લાગ્યા; અને તેમના પર નજર રાખવાને માટે એથી વધારે લોકો રાખવા પડ્યા. તેઓએ મહિને મહિને મૂઠા મૂઠા તનખા મેળવીને તીજોરીઓ ભરી.

તેઓના તેમજ તેમના મામાના, કાકાના, માસીના ભાઇઓ બધા ખુશ થઇને ઘરની મેડીઓમાં ગાદી પાથરીને બેસવા લાગ્યા.

૪

જગતમાં બીજા કેટલાયનો અભાવ છે; કેવળ નિંદકો છે જોઇએ તેટલા. તેઓ બોલ્યા, 'પાંજરૂં તો ગજબનું બન્યું છે; પણ પંખીની ખબર કોઈ રાખતું નથી.'

વાત રાજાને કાને ગઈ. તેણે ભાણાને બોલાવી પૂછ્યું, 'ભાણા આ શી વાત સાંભળું છું?'

ભાણો બોલ્યો, 'મહારાજ જો સાચી વાત સાંભળવી હોય તો બોલાવો સોનીને, પંડિતોને, લહિયાઓને, બોલાવો જેઓ મરામત કરે છે ને દેખરેખ રાખે છે તેમને. નિંદકોને કૈં ખાવાનું મળે નહિ એટલે એ તો ખરાબ બોલે.' જવાબ સાંભળીને રાજાને સાચી વસ્તુસ્થિતિ સમજાઇ અને તરત જ ભાણાના ગળામાં સોનાનો હાર આવી પડ્યો.

૫

શિક્ષણ કેવુંક જોરપૂર્વક ચાલી રહ્યું છે એ જાતે જ જોવાની રાજાને ઇચ્છા થઇ, એટલે એક દિ મિત્ર, અમાત્ય, એમ બધા રસાલા સાથે ખુદ પોતે શિક્ષણશાળાએ જઈ ઊભા.

દરવાજા પાસે તરત જ બજી ઊઠ્યા શંખ, ને ઘંટા, ને ઢોલ નગારાં ને નોબત, ને તૂરી ને ભેરી, ને બંસી ને ઝાલર. ને કરતાલ ને મૃદંગ. ગળાં ખુલ્લાં મૂકી ચોટલી હલાવી-હલાવીને પંડિતો મંત્રો ભણવા લાગી ગયા. મિસ્ત્રી, મજૂર, સોની, લહિયા, દેખરેખ રાખનાર અને મામાના, ઈના, કાકાના, માસીના એ બધાએ જયધ્વનિ પોકાર્યો.

ભાણો બોલ્યો, 'મહારાજ, કામકાજ જોયું ને?' મહારાજ બોલ્યા, 'અદ્ભુત. શબ્દ કમ નથી.' ભાણાએ કહ્યું. 'માત્ર શબ્દ નહિ. પાછળ અર્થે ય કમ નથી.'

રાજા ખુશ થઇને ડેલામાંથી નીકળીને જેવા હાથી પર ચડવા જાય છે ત્યાં ઝાડ પાછળ નિંદક છુપાયો હતો તે બોલી ઊઠ્યો, 'મહારાજ, પંખીને જોઈ આવ્યા કે ?'

રાજા ચમકી ગયા. બોલ્યા, 'અલ્યા, એ તો યાદ જ રહ્યું નહિ ! પંખીને તો ન જોયું !'

પાછા આવીને પંડિતને કહ્યું.' પંખીને તમે કેવી રીતે શીખવો છો તે રીત દેખાડો.'

રીત દેખાડાઈ પણ ખરી. દેખીને રાજા ભારે ખુશ થયા. એ રીત જ પંખી કરતાં એટલી બધી જબરી હતી કે પંખી તો દેખાતું જ ન હતું; અને એમ લાગતું કે એ ન દેખાય તો યે ચાલશે !

રાજાને લાગ્યું કે આ યોજનામાં કૈં જ ત્રુટી નથી. પીંજરામાં દાણા નથી, પાણી નથી; કેવળ ઢગલાબંધ પોથીઓમાંથી ઢગલેઢગલા પાનાં ફાડીને કલમ બોસીને પંખીના મુખમાં ઠસાવેવામાં આવે છે. ગીત તો બંધ જ,— ચિત્કાર કરવા જેટલી યે ક્યાં જગ્યા હતી ? જોઇને શરીરે રોમાંચ થાય.

આ વખતે રાજાએ હાથી પર ચડતી વેળા સરદારને બોલાવી કહી દીધું કે નિંદકની સાન બરાબર ઠેકાણે લાવી દેજો.

૬

પંખી દિવસેદિવસે બરાબર દસ્તુર મુજબ અધમૂઉં થતું ગયું. એટલે રક્ષકોને વધારે આશા બેઠી. છતાંય સ્વભાવ-દોષથી એ જ્યારે પ્રભાતનો પ્રકાશ જોતું ત્યારે બેઅદબીથી પાંખો ફફડાવતું.

પણ આ શું ? એક દિવસ જોયું તો તે તેની નબળી ચાંચ વડે પાંજરાના સળિયા કાપવાની ચેષ્ટા કરતું હતું ! કોટવાળ બોલી ઊઠ્યો, 'આ તે કેવી બેઅદબી !'

તરત એ શિક્ષણ-મહેલમાં ધમણ ને હથોડા લઇ લુહાર હાજર થયો. કેવો ધણ ધણ એ હથોડા પછાડતો હતો ! લોઢાની સાંકળ તૈયાર થઇ. પંખીની પાંખો ય કાપવામાં આવી.

રાજાના સંબંધીઓ માથું હલાવી બોલ્યા, 'આ રાજ્યનાં પંખીઓને કેવળ અક્કલ નથી એ તો ઠીક, પણ કૃતજ્ઞતા યે નથી.'

ત્યારે પંડિતોએ એક હાથમાં કલમ પકડી એક હાથમાં ભાલું રાખી એક એવી ક્રિયા આદરી કે જેને શિક્ષા કહેવાય છે.

લુહારની બઢતી થઈ એટલે લુહારણને સોનાનો દાગીનો ચડયો; અને કોટવાળની હોશિયારી જોઇ રાજાએ તેને શિરપાવ દીધો.

૭

પંખી મરી ગયું. ક્યારે, એ તો કોઈ ચોક્કસ કરાવી શક્યું નહિ નિંદક પ્રચાર કરવા લાગ્યા, 'પંખી મરી ગયું.'

ભાણાને બોલાવી રાજાએ કહ્યું, 'ભાણા, આ શી વાત સાંભળું છું?' ભાણો બોલ્યો, 'મહારાજ, પંખીની શિક્ષા પૂરી થઇ છે.'

રાજાએ પૂછ્યું, 'એ શું હવે કૂદે છે?'

ભાણો કહે, 'અરે, રામનું નામ લો.'

'હવે શું ઊડે છે?'

'ના.'


'હવે શું ગીત ગાય છે?'

'ના.'

'દાણા નહિ મળવાથી હવે ચીસો પાડે છે?'

'ના.'

રાજા બોલ્યા, 'એકવાર પંખીને લાવ તો, જોઉં.' પંખી આવ્યું. સાથે કોટવાળ આવ્યો, સંત્રી આવ્યો, ઘોડેસવાર આવ્યો. રાજાએ



પંખીને દાબી જોયું. તેણે 'હાં' ન કર્યું કે 'હું' ન કર્યું, કેવળ તેના પેટમાંનાં પોથીનાં પાનાંઓ ખડખડ કરીને ગરબડ કરવા લાગ્યાં.

બહાર નવવસંતના કૂમળાં પાંદડાંઓએ દક્ષિણના પવનથી ફૂલોના વનનું આકાશ દીર્ઘ નિઃશ્વાસથી વ્યાકુલ કરી મૂક્યું.

વિનોદ કોઠારી

('લિપિકા'માંના મૂળ બંગાળીનો અનુવાદ)

શ્રી અનંત કાણેકરનો લઘુનિબંધ

ભાવના અને કલા

કલા અને જીવનના પરસ્પર સંબંધ વિષે તારો શો અભિપ્રાય છે, એવું મને એક જણે પૂછ્યું, ત્યારે મેં એને નીચેની વાત કહી.

એક વખત એક જુવાન પોતાનું એક પ્રેમગીત મને બતાવવા આવ્યો. 'તમને આ કવિતા કેવી લાગે છે?' એણે પૂછ્યું. મેં વાંચીને કહ્યું, 'કવિતા ઠીક છે,' પણ એમાં ભાવનાની ઉત્કટતા બીલકુલ નથી, તેથી એ તદ્દન મામૂલી લાગે છે.'

'શું કહો છો તમે?' પેલો જુવાન નવાઇ પામીને બોલ્યો. 'જુઓ, એ કવિતા મેં કંઈ ફક્ત કલ્પનાથી લખેલી નથી. એક છોકરીને હું ખરેખર ખૂબ જ ચાહું છું. અને તમે કહો છો, કવિતામાં ભાવનાની ઉત્કટતા નથી?'

'અરે ગાંડા!' મેં એને કહ્યું. 'તારો એના પ્રત્યે જો આટલો બધો પ્રેમ હોય, તો અહીં કવિતા ઘસડતો કેમ બેઠો છે? વહેલો જઇ એ છોકરીને જ મેળવી લે ને? નહિ તો ઉત્કટ પ્રેમથી ધીખતો તું અહીં કવિતા લખતો બેસીશ, અને કવિતા કરતાં વધુ સરળ રીતે પોતાનો પ્રેમ વ્યક્ત કરનાર એકાદ જુવાનનો હાથ ઝાલીને એ છોકરી ક્યાંય ચાલી જશે!'

જીવન અને કલા એ બેનો આવો સંબંધ હોવો જોઇએ, એવું મને લાગે છે. પહેલાં જીવનની કલા, અને તે પછી બાકીની બધી કલા! એ તો ઠીક. પણ ઉપર કહેલા જુવાન કવિની વાત યાદ આવતાં, કલાનિર્મિતી વિષે સર્વસાધારણ લોકોના જે અજબ ખ્યાલ છે, એથી મને નવાઈ લાગે છે. કોઇ માણસને એકાદ છોકરી પ્રત્યે ઉત્કટ લાગણી હોય, તો એ બધી ઉત્કટતા એ પોતાની કવિતામાં લાવી જ શકે છે, એવું બિલકુલ નથી. એ જ પ્રમાણે કોઇ માણસ ઉત્કટ પ્રેમનું ઉત્કૃષ્ટ પ્રેમગીત લખી શકે, એટલે એ એટલો જ ઉત્કટ પ્રેમ કરી શકે છે અને બીજાઓ કરી શકતા નથી, એમ પણ નથી. શેલે અથવા કીટ્સ, ગોવિંદાગ્રજ અથવા માધવ જ્યુલિઅન ઘણાં જ સારાં પ્રેમકાવ્યો લખી શકે છે, એટલે એમને એકલાને જ પોતાની પ્રિયતમા પ્રત્યે પ્રેમ છે ને બીજાઓને નથી, એવું ઓછું જ છે? બીજાઓનો પણ એમના જેટલો જ—કદાચ એમના કરતાં યે વધારે પ્રેમ હશે. પ્રેમ બધા જ કરે છે. પણ શબ્દ અથવા પીંછીથી એનું જીવન્ત ચિત્ર કોઇક જ દોરી શકે છે. એનું જ નામ પ્રતિભા; એનું જ નામ કલા. સામાન્ય લોકો અને કલાકાર એ બેમાં એટલો જ ફેર હોય છે.

પણ ઘણાઓને આ ફેર સમજાતો જ નથી. એમને લાગે છે કે કોઇ પણ હોશિયાર વકીલ રંગભૂમિ ઉપર પણ વકીલનું કામ સારીરીતે કરી શકતો હોવો જોઇએ; અથવા એકાદ ચિડાએલો માણસ એના ગુસ્સામાં એકાદ સરસ સંતાપયુક્ત લેખ લખી શકતો હોવો જોઇએ. એક અંગ્રેજ સંપાદકની એક વખત આવી જ મજા થઇ. એ પોતે અચ્છો સંપાદક હતો, પણ લખવાનું કામ પોતે ન કરતો. અગત્યની અને કીમતી માહિતી એ હોશિયારીથી મેળવતો, અને એના હાથ નીચેના લોકો એનો ઉપયોગ કરીને અસરકારક લેખો લખતા. એક વખત એણે સામા પક્ષના આગેવાનને કોઈ એક સંતાપજનક દુષ્કૃત્ય કરતાં જોયો. 'હવે એની બરોબર ફજેતી કરું છું!' એમ વિચારતો એ ઉતાવળો ઉતાવળો ઑફિસમાં આવીને કાગળ પેન્સિલ લઇને એકદમ લખવા બેસી ગયો! આજે સંપાદકને લખવા બેઠેલા જોઇને એના હાથ નીચેના માણસોને આશ્ચર્ય થયું. ગુસ્સામાં બે ચાર લીટીઓ લખી. પણ પછી કેમે કર્યું ગાડું આગળ ચાલ્યું નહિ; એટલે હાથ નીચેના માણસને ઘાંટો પાડીને એ બોલ્યો, 'શું કરું? એવું ખરાબ કામ કરતાં મેં એને જોયો છે કે એની રેવડી દાણાદાણ કરવાનો વિચાર થતો હતો. પણ જવા દે, તું જ લખી નાખ, ભાઈ! અને એના મદદનીશ સંપાદકે હમેશ પ્રમાણે તીવ્ર સંતાપજનક લેખ લખ્યો!

પણ આનો અર્થ એવો નથી, કે માણસ હમેશાં પોતાની લાગણીઓ વ્યક્ત કરી જ શકે એમ નથી હોતું. એટલે જે કોઇ પણ વ્યક્ત કરવા માગતો હોય, તેને એવો અનુભવ બિલકુલ ન હોય તોપણ ચાલે. ખરો રાજા રંગભૂમિ પર રાજાનું કામ સુંદર કરશે જ એવું નથી એ જેટલું સાચું, તેટલું જ રાજા એટલે શું એનો ખ્યાલ પણ જેને ન હોય, એવો એકાદ માયકાંગલો રાજાનું કામ નહિ કરી શકવાનો, એ પણ સાચું છે. એક ચિત્રપટમાં કોઇ એક રાજકુંવરીના સ્વયંવરમાં ઘણા રાજા ભેગા થયા છે એવો દેખાવ લેવાનો હતો. તે વખતે દિગ્દર્શકે સ્ટુડિયોમાંનાં બધા નોકરોને રાજાનાં કપડાં પહેરાવીને એ સીનમાં બોલાવ્યા. એક રાજા આમથી તેમ જાય છે એમ બતાવવું હતું. પણ એ રાજાનું કામ કરનાર માણસ કેમે કર્યો રાજાની માફક ચાલી જ શકતો ન હતો. દિગ્દર્શકે એને કહ્યું, 'તને કેટલી વખત કહેવું પડે? જરા રાજાના વટથી ચાલ?'


ત્યારે રાજાનું કામ કરતાં કંટાળી ગએલો એ માણસ બોલ્યો, 'પંદર રૂપડી પગાર! તે પણ ગયા ચાર મહિનામાં તમે આપેલો નથી; અને કહો છો કે રાજાનો મિજાજ લાવ!'

અનુવાદક **માલતી જોષી**

કચ્છનાં કીર્તિમંદિરો

[૬] રવ

લેખક-શ્રીરામસિંહજી રાઠોડ ડી.ડી.આર.



રવેચી મંદિર અને તળાવ (ફોટો: લેખક)

રવનું રવેચી મંદિર વાગડના સૂકા ભઠ પ્રદેશમાં એ પ્રાંતનું વિશ્રાંતિગૃહ કહી શકાય એવું ધામ છે. રણની મુસાફરી કરી ઊતરેલા વટેમાર્ગુને અહીં પૂરી શાતા વળે છે. ત્યાં એક વિશાળ તળાવ છે, તળાવકાંઠે મંદિર છે, પડખે ઘાટ છે, અને પાણીઆરે ખુલ્લી પરશાળવાળી ધર્મશાળા છે. ખડીરથી વળતાં રણ વટાવી વહેલી સવારે અમે અહીં પહોંચી આવેલા. રાતની મુસાફરી અને ઉજાગરાથી વ્યાકુળ થએલા અમે એ પરસાળમાં પહોંચ્યા કે ત્યાં આરામથી પડયા. શીતળ પવનની લહરીમાં ઊંઘને હડસેલી શકાય એવું હતું જ નહિ. ઠેઠ ભાદરવાના નમતા સૂર્યનો તડકો આંખ પર પહોંચ્યો અને 'હરિહર'ની હાકલ થઇ ત્યારે તેના ઘાંઘલમાં જાગ્યા. જોયું તો ત્યાં કેટલા યે લોકોને બાજરાના રોટલા, મગની દાળ અને છાશનું ભોજન આપવામાં આવતું હતું. પડખે ઘાટ ઉપર મંદિરનો ભૂવો પાણીમાં રોટલાના કટકા નાખતો હતો તે ખાવા સંખ્યાબંધ કાચબા ટોળે વળેલા. કાગડા કૂતરાં પણ એટલી જ સંખ્યામાં આવી એ મિજબાનીમાં ભાગ પડાવતા. ભોપો અને તેના સ થી ના રવ ગામમાંથી ઘરેઘરથી એકેક રોટલો ઉઘરાવી લાવે છે અને તે એકઠા કરી બધા ભાગે પડતું આમ આરોગે છે. અહીં સ્પર્શાસ્પર્શની પણ ખાસ સૂગ જોવામાં ન આવી. મંદિરના વહિવટમાં સેંકડો ગાયો પોષવામાં આવે છે; અને તે બધી 'માતા-મેરી' કે 'બારામી' કહેવાય છે. એ ગાયો પર ડામ દઇને ત્રિશળનું ચિહ્ન પાડેલું હોય છે. મંદિરનો કેટલોક ખર્ચ આ ગાયોની નીપજ-માંથી નિભાવવામાં આવે છે ગાયોના ચરિયાણ માટે દાનમાં ગૌચર તરીકે ઘણી જમીન આપેલી છે એવા દાનના લેખના સંવત ૧૭૪૬ના ગાયની મૂર્તિકંડારેલો અને નીચે લેખ સહિતનો એક પાળિયો રવ ગામની સીમમાં રવેચીને રસ્તે આવેલો છે.

તળાવની સામી બાજુએ આવેલી લીલી ઝાડીમાંથી આવતા તાજા પવનમાં સ્ફૂર્તિ અનુભવી, ને ક્ષુધાતૃપ્તિ કરી એ સુંદર તળાવકાંઠે રખડવા નીકળ્યા. કચ્છના સૂકા પ્રદેશની વચ્ચે અહીંની લીલીકુંજાર ઝાડીમાં કલરવ કરતાં વિવિધ પશુપક્ષીઓ ને કેલિ કરી નાચતા અનેક કળાચલ મોર જોતાં આ સ્થળ મનમાં વસી જાય છે.

વાગડમાં શક્તિપૂજાનું બહુ માહાત્મ્ય છે અને રવેચી માતાજી તેમાં અગ્રસ્થાન ભોગવે છે આ સ્થળ બહુ પુરાણું મનાય છે. લોકોક્તિ છે કે મૂળ મંદિર તો નવ શિખર અને ઘુમ્મટો સહિતનું પાંડવોએ બંધાવેલું હતું; પણ તે બાબી લોકોએ તોડી પાડેલું. હમણાંનું મંદિર તો સં.૧૮૭૮માં સામબાઈ માતાએ ૨૬,૦૦૦ કોરી ખર્ચી બંધાવેલું છે અને તેનો ત્યાં લેખ છે.

આ દેવીભક્ત સામબાઇએ કચ્છના મહારાવ શ્રી બીજા દેશળજીને પરચા બતાવેલા અને પોતાનો તથા મહારાવનો ગત જન્મનો ઋણાનુબંધ સંભારી આપી મહારાવને કૌટુંબિક ઉપાધિઓમાંથી ઉગારેલા. એ જમાનામાં જ્યારે ધાર્મિક શ્રદ્ધાનું અતિ પ્રાબલ્ય હતું ત્યારે મહારાવ અને માતા સામબાઈ એશ્વાસ થે જ દિલમાં રવેચી માતાજીનો વાસ અનુભવતા એમ કહેવાય છે. દંતકથા છે કે એક વખત સામબાઈ માતા અને મહારાવ ચોપાટ રમતા બેઠા હતા. તે વખતે ઓચિંતા સામબાઇને સ્થિરચિત્ત, શાન્ત અને રમતમાં દુર્લક્ષવાળાં જોઇ મહારાવને કંટાળો આવ્યો અને તિરસ્કારમાં તેમણે બાજી સંકેલી. માતાએ માત્ર એટલું જ કહ્યું કે 'આપત્તિમાં પડેલો મારો એક ભક્ત સાચા દિલે મને સ્મરતો હતો એટલે તેની સહાયે મારે પહોંચવું જ જોઇએ.' મહારાવે આને ગમ્મત સમજી ઉપાલંભમાં કહ્યું. 'તમે તે એવાં કોણ? જોયાં હવે, અહીં બેઠે ભક્તોને મોટાં મદદ પહોંચાડવાવાળાં!' સામબાઇએ કહ્યું, 'તેં મારામાં અશ્રદ્ધા અનુભવી? અત્યાર લગી રવેચી તરીકે આવી તારી સામે બેસતી તે હવે હું નહિ આવું ને માત્ર મારી હીંયારી તારા ઉપર રહેશે. લોકોમાં મારી હાંસી ન થાય તે માટે મારા ભક્તને ઉગારી મદદ કરી તેની ખાત્રી કરાવીશ.' મહારાવના મોંમાંથી આટલા જ શબ્દો નીકળ્યા:

'રીઝે તેને દે રાજ, ખીજે તેને જાય ખાઈ
એવી જેની કમાઈ ઇ ખબર વારી માઈ.'*

ખરાબે ચડી જઈ તોફાનમાં સપડાએલાં જેનાં માલમત્તાભર્યાં જહાજ માતાજીને સ્મરવાથી તેમના પ્રતાપે ઊગરેલાં એ સોદાગર, સામબાઈના આગમમાં કહેવા મુજબ, મુકરર દિવસે રાવની હાજરીમાં માતાજીની બાધા છોડવા મંદિરે હાજર થયો. સર્વેને માતાજીની સચ્ચાઈ અને શક્તિની પ્રતીતિ થઈ. એ સામબાઇ માતાને લોકો રવેચીનો અવતાર લેખતા. આજે એ પણ દેવી તરીકે પૂજાય છે ને તેનું મુખ્ય સ્થાનક ભુજથી ઉત્તરે ૬ માઇલ ઉપર આવેલા રુદ્રાણી માતાના મંદિરમાં છે.

લગભગ ૫૪ ફૂટની ઊંચાઇના શિખરવાળા રવેચી મંદિરના મધ્યભાગે રવેચી માતાજીની સિંદુર ચોપડેલી મૂર્તિ આવી રહેલી છે. આ મૂર્તિ સ્વયંભૂ મનાય છે. એ મૂર્તિની પશ્ચિમ તરફ મહામાયા મોમાય, પછી ખોડિયાર અને પછી જાડેજાઓની કુળદેવી આશાપુરા એમ અનુક્રમે મૂર્તિઓ આવેલી છે. પૂર્વ તરફ રવેચી માતાજીને પડખે સામબાઇ માતાની મૂર્તિ છે. અને તેની પછી વીસ ભુજાવાળા રવરાયની પ્રતિમા છે તેને પડખે ગોરા ખેતરપાળ છે વીસ ભુજાવાળા રવરાયે રવના મરાસિયાઓના મૂળ પુરુષ મૂળવાજી જાડેજાને રવનું રાજ્ય અપાવ્યું તેમની એ મૂર્તિ પધરાવેલી છે. ઉપરની બધી મૂર્તિઓ ઉત્તરાભિમુખ છે એ જ મંદિરમાં પૂર્વ દિશાભિમુખ કાળા ક્ષેત્રપાળની મૂર્તિ આવેલી છે, તેની પછી અખંડ જ્યોતની દીપિકા, જે ગમે તે સંજોગોમાં રાત્રિદિવસ જલતી જ રાખવામાં આવે છે તે આવેલી છે; અને પછી રામજી પીરની મૂર્તિ છે. આ બધી સિંદુરથી લીંપાએલી છે. રવરાયની મૂર્તિ સામે માણસની ઊંચાઇ જેવડા ગોળ ખૂણાવાળા એક સ્તંભ ઉપર ત્રણ પગે ઊભેલા નકશી ઘોડાની મૂર્તિ છે. આ મંદિરને પડખે એક નાનું ઠાકર મંદિર છે. તેની ઉત્તરમાં એક છાતરી છે અને તેમાં ભૈરવનું સ્થાનક છે. આ ભૈરવને પહેલાં માનવ બલિદાન અપાતું એમ કહેતી છે. કાળબળે એ રિવાજ ભૂંસાઈ જઇ તેનું સ્થાન હવે માનવી મસ્તકના આકારવાળા શ્રીફળે લીધું છે. એ નાળિયેર વધેરાતું નથી, પણ આખું ને આખું ધરાવવામાં આવે છે. એ કોઈ ઉપાડી શકતું નથી, એટલે તેનો ત્યાં ઢગ થએલો છે. તેની

* રવેચીની પ્રાર્થનામાં આ શબ્દો હજુ બોલાય છે

ઉત્તરે ત્રિકમજીનો ઓરડો છે. એ ત્રિકમજી કપાયા ત્યારે તેમનું માથું અહીં રહ્યું અને ધડ ગામમાં પડયું છે. તેના પ્રેતનો ત્યાં વાસ મનાય છે. બહારના ચોકમાં શિવમંદિર, સમાધિઓ અને જૂના પાળિયાઓ આવેલા છે અને મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પર ડાબી તરફ હનુમાનની એક મૂર્તિ છે. જમણી તરફ ગણેશની ઊભી મૂર્તિ છે ને તેને પડખે પશ્ચિમાભિમુખે શીતલાની એક મૂર્તિ આવેલી છે.

આમ અહીં કેટલાં યે દેવદેવીઓનો શંભુ-મેળો થએલો જોવામાં આવે છે. પણ ઐતિહાસિક નજરે જોતાં તેમાં આપણી પુરા-સંસ્કૃતિના ધાર્મિક વિકાસક્રમનાં દર્શન થશે. આદિ માનવધર્મ, જેમાંથી આપણો હાલનો ધર્મ વિકસ્યો છે, તેના અહીં વિવિધ તબક્કા જોવા મળે છે. અને એ રીતે ઉત્પન્ન થએલા જુદાજુદા પંથો ને મતમતાંતરોને હિંદુ ધર્મે પોતાની અંદર કેટલી સહિષ્ણુતાથી સમાવી લઈ એકતા અનુભવે છે તેની પ્રતીતિ થાય છે. સંસ્કૃતિને પહેલે પગથિયે માનવી ઊભો ત્યારે પોતાની શક્તિથી કોઈ વિશેષ શક્તિ તેને જોવા મળતી કે કોઇ શક્તિ પોતાને પીડતી દેખાતી ત્યારે એ ચેતન-અચેતન પ્રાકૃતિક શક્તિઓને, રોગોને તેમજ પોતાનાંના જ વધુ શક્તિશાળી માનવોને પણ દેવદેવીઓનું સ્વરૂપ આપી, તેને આરાધી, તેમાં પોતાના સાંત્વનના માર્ગો તે શોધવા લાગતો. તેમની લાકડાં કે પથ્થરની મૂર્તિઓ બનાવી વૃક્ષ-પૂજા, અગ્નિપૂજા, પશુપૂજા, પ્રેતપૂજા, દેવપૂજા એમ થતી. એ વિવિધ પૂજનવિધિમાં માનવીના બુદ્ધિવિકાસ સાથે તેમાં રૂપાંતર થતાં થતાં તેની ધાર્મિક કલ્પના હાલની સ્થિતિએ પહોંચી છે. તેમાં માનવીના ભરવાડજીવન સાથે શરૂ થએલો શાક્તસંપ્રદાય કે માતાપંથ અતિપુરાણો છે અને હજી યે હિંદુધર્મમાં તેનું માહાત્મ્ય એટલું જ છે. માનવવંશશાસ્ત્ર (Anthropology)ના અભ્યાસીને અહીં વિચારની સરસ સામગ્રી મળી રહે છે.


નકલંકની પૂજા અને કલ્પના પણ અતિ પ્રાચીન છે. ભાગવતમાં તેનો ઉલ્લેખ છે અને તેનું એક આખું અલગ પુરાણ છે. કલ્કિ અવતાર તો હજુ હવે થશે એમ આગમમાં માની લેવાયું છે, પણ તેની મૂર્તિઓની સ્થાપના થઈ તેની પૂજા શરૂ થઇ ચૂકી છે. કોળી, રબારી, ભરવાડ અને કુંભાર—વાગડની એ આદિજાતિઓ ને રાજપૂતોમાં તેનું માહાત્મ્ય પરાકાષ્ઠાએ છે. લોકભજનોમાં પણ એ રસમય કલ્પનાને વણી લેવામાં આવેલ છે.

એ... જાગી શકે રે ઈ નર જાગજો,
નકળંક ધરશે અવતાર;
ઉત્તરમાંથી રે આવી ઊભશે,
હણહણશે કેકાણ;
જાગી શકે રે ઈ નર જાગજો,
આગમ ભાખ્યાં એંધાણ;
જાગી શકે રે ઇ નર જાગજો.

આવાં ભજનો અતિ લોકપ્રિય બનેલાં છે. કલિયુગ પૂરો થશે ત્યારે માનવીય અધર્મોની અવ્યવસ્થા દૂર કરવા ભગવાન કલ્કિ રૂપે અવતરશે. અતિ વેગવાન લીલુડા અશ્વ પર આરૂઢ થઇ, ધૂમકેતુના જેવી ભયંકર તલવાર ધારણ કરી એ પૃથ્વીને વિષે વિચરશે અને અધર્મીઓને સંહારી સંસારમાં સતયુગ ચલાવશે. માનવીની સીધી જિજ્ઞાસાવૃત્તિમાંથી જન્મતી, પોતાના મૃત્યુને લગતી ભયભરી કલ્પનાના પરિણામ રૂપે પૃથ્વીપ્રલયની માની લીધેલી આપત્તિમાંથી ઊગરવા તેના ઉત્પાદકને રીઝવવાની માનવસહજ આ એક ભાવનાભરી આકાંક્ષાવૃત્તિ છે.

રવમાં બનેલી પ્રેમશૌર્યની રંગભરી ઘટનાઓની યાદ આપતા સતીઓ અને યોદ્ધાઓના અહીં અનેક પાળિયા છે, અને તેમાં યે સત્તરમી તથા અઢારમી સદીના વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. હાથ જોડી ક્ષમા યાચતી સ્ત્રી, કોઇ પડદાનશીન સતી થએલી સ્ત્રીના હાથનું ચિહ્ન, પોતાના બંને હાથ પર પોતાના મૃત પતિને ઉપાડી ઊભી રહેલી સ્ત્રી વગેરે પાળિયાઓ પર કોરેલી આકૃતિઓ આપણા સતી થવાના ચાલનું કારુણ્ય આપણી સમક્ષ લાવી મૂકે છે. રવેચી મંદિરના પ્રવેશદ્વાર પર ડાબી તરફ હાથમાં નાગ પકડી ઊભેલી યોદ્ધાની એક મૂર્તિ છે. પોતાની પારાવાર શક્તિથી લોકોનાં મન પર ઐશ્વર્યની છાપ પાડી શેષના અવતાર મનાઇ ગએલા ગોગ ચૌહાણને કચ્છમાં ઘણે સ્થળે નાગપંચમીના અર્ધ્ય આપવાનો રિવાજ પ્રચલિત છે. એ ગોગ સાથે આ મૂર્તિનો સંબંધ હોઇ શકે ખરો.

રવેચીના મુખ્ય મંદિરની બહારના તેના વિશાળ ચોકઠાના ઉત્તરપૂર્વ ખૂણામાં શિલાલેખનો એક પથ્થર ખૂંપેલો છે. એ પથ્થર પહેલાં અરધો દટાએલો હતો, પણ એ તરફની ઓરડીઓની મરમ્મત થતાં ત્યાં ખોદાણ થયું ત્યારથી હવે એ પથ્થર પર આખો લેખ ઉકેલી શકાય તેટલો તેનો લગભગ બે ફૂટ ઊંચો અને ૧ ફૂટ પહોળો ભાગ બહાર છે. સં. ૧૩૨૮ ના આ શિલાલેખમાં સમસ્ત રાજાવલી સમલંકૃત મહારાજાધિરાજ શ્રીમત્ અર્જુનદેવ



શ્રીમત્ અર્જુનદેવનો શિલાલેખ.

વાઘેલા (સં. ૧૩૧૮થી ૧૩૩૧)ના રાજ્યમાં જ્યારે માલદેવ મહાઆમાત્યપદે હતા ત્યારે, ઘતપદ્રિ મંડલના રવ ગામે, દેવીશ્રી રવેચીના નામનિર્દેશ સાથે, ત્યાં કરાવવામાં આવેલી વાવની તેમાં નોંધ છે. આમ ગુર્જર મહારાજ્યની સીધી હકૂમત હેઠળ રહેલા તેના ઘતપદ્રિ મંડળના રવ ગ્રામે માતા રવેચીનો મહિમા તો પ્રાચીન છે. આ લેખમાળાના અગાઉના ગેડી વિષેના હપતામાં આપણે જોયું તેમ જુદાજુદા વાઘેલા રાજાઓના શિલાલેખી પુરાવા વાગડમાંથી ઘણા મળે છે. અને હજુ પણ ઘૃતપદ્રિ-ગેડીમાં વાઘેલાઓ ગરાસિયા છે અને તેઓ ગેડીના રાણા કહેવાય છે. આમ દીર્ઘકાળ પર્યંત ત્યાં ટકી રહેલી વાઘેલી રાજ્યસત્તાની અસર તળે એ પ્રદેશ પણ વાઘેલ-વાઘલ-વાગડ તરીકે ઓળખાયો હોય એમ મારું માનવું છે.

ખાવા ધાતા કચ્છના મોટા રણના અફાટ વિસ્તારને આગળ વધતો ખાળી ઊભાં હોય એમ માતા રવેચીની મૂર્તિ ઉત્તરને સન્મુખ છે અને તેમનું મંદિર ઉત્તરાભિમુખ આવેલું છે. ભાદરવામાં અહીં મોટો મેળો ભરાય છે. તેમાં આખા વાગડનો લોકસમુદાય ભેળો થાય છે ત્યારે કોળીઓના રાસની રમઝટ અને રંગત જામે છે. (ચાલુ

રણમોઝાર

[પારીસથી હિંદી-ચીન સુધી એક અખતરાના ઉડ્ડયન (ટેસ્ટ ફ્લાઈટ) દરમ્યાન આ ફ્રેંચ વિમાની અને તેનો મિકૅનિક પ્રીવોટ લીબિયાના રણમાં તૂટી પડ્યા. એક આખો દિવસ તેઓએ ધખધખતો વેરાન ખૂંદ્યો. સાંજે વિમાન પર પાછા ફર્યાં એ વેળા ભાતામાં કૈં પણ રહ્યું નહોતું. ત્યારે તેઓને લાગ્યું કે આવા ધીકતા મરુ પ્રદેશમાં હવે તેમનું મોત તેમને ડંકારતું હતું.]

પહેલે દિવસે અમે ધખધખતા વેરાનમાં ૩૬ માઇલ પગે ફરી વળ્યા. રાત પડતાં તો અમારી સાથેના પાણીનું છેલ્લું બુંદ પણ ખલાસ થઈ ગયું. વિમાનની ભાંગેલી પાંખના કાટમાળનો ઢગલો કરીને અમે નિશાન માટે અગ્નિ ચેતાવ્યો. મને તો પાકી ખાતરી હતી કે કોઈ એ જોવાનું નથી.

સવારે અમે વિમાનની પાંખ પર જામેલી ઝાકળને અમારા કચરાવાળા રૂમાં ચૂસી એકઠી કરી અને તેમાંથી થોડી ચમચી તેલથી ગંધાતું પાણી નીચોવ્યું. સ્વાદે તો ભારે વિચિત્ર હતું, પણ તો યે અમારા હોઠ પલળ્યા.

પ્રીવોટ કહે, 'આપણી સાથે બંદૂક હોત તો કેવું સારું!'

હું એના તરફ એકદમ ગુસ્સામાં ફર્યો પણ પ્રીવોટની સામે જોતાં લાગ્યું કે તે જાણે એવી લાગણીમાં બોલ્યો ન હોય કે 'ચાલો આપણે મોં ધોઈ લઈએ!' ખરેખર, અમારા બંનેનાં મગજ એક જ થઈ ગયાં હતાં. તે દહાડે મને પણ બંદૂકનું પાકીટ જોઇને એવા જ વિચાર આવી ગયા હતા.

છતાં યે સવાર પડતાં અમે પાછા જુદી જુદી દિશામાં નીકળી પડ્યા.

હું જેવો ચાલવા લાગ્યો કે તરત મને જેટલું લીબિયાના રણ વિષે યાદ હતું તે સંભારવા લાગ્યો. સહરામાં હવામાંની ભિનાશ ૪૦ ટકા હોય છે; અહીં એ ૧૮ ટકા જેટલી થઈ જાય છે અને જિંદગી વરાળની પેઠે ઊડી જાય છે! આરબો ને આ બાજુના અગલદારો કહે છે કે માણસ અહીં ૧૯ કલાક સુધી પાણી વિના રહી શકે. અને જેવું વીસમે કલાકે આંખોમાં તેજ નાચવા માંડે કે અંત જલ્દી આવે છે. અહીંના પ્રદેશમાં માઠા એવા ભીના ઈશાની પવનને લીધે અમારા પ્રાણ ટકી રહ્યા હતા એ ચોક્કસ હતું. અમારી આંખો તેજથી છલકાય તે પહેલાં કોણ જાણે ક્યાં સુધી આવો પ્રાણનો વિસામો રહેશે!

અચાનક હું જંગલીરીતે બરાડી ઊઠ્યો: 'હમણાં જ મેં કોઇને હાથ હલાવતો જોયો.' ના ના. એ તો બીજું મૃગજળ હતું. વળી પાછું આખું રણ જાણે જીવતું થતું હતું. આંખની સાક્ષીને યે ખોટી માનવી એ પણ મુશ્કેલ હતું;—પેલી વણજાર ધીમેધીમે સરી જતી હતી તે બાજુ જતાં કેમ અટકાય? 'ખરેખર ત્યાં જ...' એમ હું ગણગણતો ને મારી કલ્પનાનાં મૃગજળો મને આગળ ને આગળ ધકેલતાં

ઊતરતી સાંજે મને ચિંતાતુર કરી મૂક્યો. હું થોભી ગયો ને મનમાં ખ્યાલ કર્યો તો અમારા વિમાનથી તો કેટલો યે દૂર હું નીકળી ગયો હતો. મને વિચાર આવ્યો, 'જરૂર, પ્રીવોટને કોઈ ને કોઈ વણજાર મળી ગઇ હશે.'

બે કલાકની રખડપટ્ટી બાદ મેં ક્ષિતિજ પર ઉજાસ જોયો. હું રસ્તો ભૂલ્યો છું એમ માનીને ગભરાટમાં પ્રીવોટે અગ્નિ પેટાવ્યો હતો. વળી એક કલાક ચાલ્યો. હવે પાંચસો વાર જવાનું હતું. ને હવે તો બસ પચાસ જ...

અકસ્માત હું જડભરત જેવો થંભી ગયો. મારા હૈયામાં આનંદ છલકી ઊઠ્યો. ત્યાં—પણે, અગ્નિના તેજમાં, પ્રીવોટ બે આરબો જોડે વાત કરતો હતો!

હું આનંદથી બરાડી ઊઠ્યો, 'હો...હો..'

આરબોએ મારા તરફ જોયું ને મને બોલાવ્યો. પ્રીવોટ મારી બાજુ આવવા ઊપડ્યો. મેં મારા હાથ પસાર્યાં. પ્રીવોટે મને પકડી લીધો ને ખડો કર્યો,—અરે હું પડી જતો હતો!

'ત્યારે આવ્યા ખરા.'

'કોણ?'

'કેમ, પેલા આરબો જોડે ત્યાં તું હમણાં વાત કરતો હતો ને?'

પ્રીવોટ મોં વકાસીને મારી સામે જોઈ રહ્યો, 'ત્યાં તો કોઈ યે નથી!'

હવે મારાં આંસુ ખાળ્યાં રહ્યાં નહિ.

છેલ્લા ચોવીસ કલાકમાં અમારી પાસે કેવળ થોડી ચમચીઓ જ ઝાકળ હતી; એટલે હવે અમે થોડી વધારે ઝાકળ ઝીલવા માટે પૅરેશ્યૂટ (વિમાન-છત્રી) પાથરી. પરોઢિયે પૅરેશ્યૂટને ડબલામાં નિચોવી તો બે પ્યાલા જેટલું પાણી નીકળ્યું. અમે સંતોષ લીધો કે હવે અમારી તરસ છીપશે.

પણ પાણી તો લીલુંપીળું હતું. પહેલે ઘૂંટડે જ એવું તીવ્ર સ્વાદવાળું લાગ્યું કે ખૂબ તરસ્યો હતો છતાં એ હું પી જ ન શક્યો.

પ્રીવોટ જમીન તરફ મીટ માંડીને ચક્કર ચક્કર ફર્યા કરતો હતો. અચાનક એ નમ્યો ને ઊલટી કરી. અર્ધી મિનિટ પછી મારું પણ એવું જ થયું. અમારી છેલ્લી આશા હવે ચાલી ગઈ. કોણ જાણે પૅરેશ્યૂટ પરના લેપથી કે ડબલાની અંદરના કોઈ પદાર્થને લઇને પાણી એવું બેસ્વાદ થઈ ગયું હતું.

ચાલવા ઊપડવા માટે બહુ મોડું થઈ ગયું હતું. હવે તો અમારે આ શાપિત જગ્યા છોડીને ચાલી જ નીકળવાનું હતું. અમે નિશ્ચય કર્યો હતો કે હવે રણમાં જ્યાં સુધી ઢગલો થઇને પડીએ નહિ ત્યાં સુધી બસ ચાલ્યા . . . . જ—ચાલ્યા . . . .જ કરવું.

પ્રીવોટ કહે, એકલો હોત તો હું તો બસ લાંબો થઇને સૂઈ જ રહેત.'

પણ અમે સાથે નીકળ્યા ને ઇશાન દિશા બાજુ ઊપડ્યા. ખબર નહોતી કે દરેક ડગલે અમે કોઇ વણઝારને રસ્તે જઈએ છીએ કે પછી આ અતાગ રણમાં ઊંડા ને ઊંડા મરણના મોંમાં ઘુસીએ છીએ.

તે દિવસનું મને માત્ર એટલું યાદ આવે છે કે અમે જીવ પર આવીને ધસમસ્યે જતા હતા–માત્ર ભાંગી પડવા માટે. હું જમીન તરફ જ જોયા કરતો હતો, કેમકે ચોમેર મૃગજળો ખૂબ હેરાન કરતાં હતાં. વારેવારે હોકાયંત્રથી રસ્તો મેળવતા હતા ને અવારનવાર રેતીમાં વિસામો લેવા બેસી જતા.

રાત પડવા આવી, ત્યાં પ્રીવોટ એકાએક બોલી ઊઠ્યો, 'અરે, પણે તળાવ દેખાય! મારા જીવના સમ; અત્યારે રાતે કાંઈ ઝાંઝવાં ન હોય.'

મેં કૈં જવાબ ન આપ્યો. મેં તો ક્યારની મારી આંખને માનવી છોડી દીધી હતી.

'હું જરા જોઈ આવું. માંડ વીસ મિનિટનો રસ્તો હશે.' એણે કહ્યું.

મને ખબર હતી કે પ્રીવોટ કદી પાછો નહિ ફરે. ત્યાં રસ્તામાં જ ભાંગી પડશે,—જેવી રીતે હું પણ અહીં રસ્તામાં લથડી પડીશ.

કેટલું ચાલ્યા એ વિચારતાં જ હું તો ડઘાઇ ગયો. જીભ પર થોડું થૂક લાવવા મેં પ્રયત્ન કર્યાં, પણ કૈં ન વળ્યું. જેવું મેં મોં બંધ કર્યું કે ગુંદર જેવા કોઇ પદાર્થે મારા હોઠ સીવી દીધા. છતાં યે હજુ હું ગળું હલાવી શકતો હતો અને મારી આંખમાં તેજ નાચતું નહોતું.

અંધારું થયું ને મારું ધ્યાન મારા વિખૂટા સાથી પ્રીવોટ પર ગયું. કેવો મજાનો આદમી! કોઇ દિવસ બડબડાટ નહિ.

પણ પેલું શું છે? અરે, માત્ર પાંચસો જ ફૂટ દૂર એ દીવો હલાવે. એ રસ્તો ભૂલ્યો લાગે છે. મેં ઊભા થઇને બૂમ મારી. પણ એ સાંભ-

જતો નહોતો. વળી બીજો દીવો દેખાયો, બસો જ વાર દૂર. વળી ત્રીજો દીવો દેખાયો. હું, અંતે શોધ કરનારી ટુકડી આવી પહોંચી ખરી.

ત્રણે દીવા સિગ્નલો આપતા હતા. હું ગણ-ગણ્યો, 'હું ગાંડો તો નથી થઈ ગયો? મારી આંખો તો સાજી છે ને?' પણ જેવા એ બીજી બાજુ ફરતા દેખાયા કે ગભરાટે મને થથરાવી મૂક્યો. 'થોભો, થોભો, હું આવું છું.'—હતું તેટલું બળ કરી હું બરાડી ઊઠ્યો.

સામો જવાબ આવ્યો. હાશ! મને શ્વાસ ચડી આવ્યો, છતાંયે મેં એ અવાજ તરફ દોડવા માંડ્યું. એ તો પ્રીવોટ હતો. હું લથડી પડ્યો.

'મેં પેલા દીવા જોયા કે હું રહી ન શક્યો.'

'ક્યા દીવા?'

ત્યારે જ મને ભાન થયું કે તે તો એકલો જ હતો. હવે મારી નિરાશા જતી રહી ને ચીડની લાગણી મગજમાં તમતમી રહી.

અંતે પ્રીવોટે કહ્યું, 'આપણે ગજબના આવી પડ્યા છીએ.'

રાત્રિની ઠંડી કાતિલ બનતી જતી હતી. મારા દાંતે કડકડાટી બોલાવવી શરૂ કરી દીધી અને મારા અવયવો ગૂંચળાની જેમ તરફડી રહ્યા. હિમ જેવી ઠંડીએ મારું અંગ ખોટું કરી દીધું અને મારા અવયવોએ પણ પોતાનું કામ છોડી દીધું. હું ખાઈ ખોદી એમાં પડી રહ્યો અને મારા ચહેરા સિવાય બધું ચાળ-ળાની જેમ રેતીથી ઢાંકી દીધું. પ્રીવોટે એમ દટાવાની ના પાડી. એને એમ કે આગળ ને આગળ ચાલવામાં માલ છે. પણ એ ખોટે રસ્તે હતો. ઠંડી હવે મને હેરાન કરતી ન હતી; મારું અંગ હવે ઊંઘી ગયું. . . .

અને હવે સવાર પડતું હતું ને મને હવે કંઈક ઠીક લાગતું હતું, 'પ્રીવોટ, ચાલો ઊપડીએ. હજુ આપણાં ગળાં લીલાં છે ત્યાં સુધી ચાલવામાં વાંધો નહિ આવે.'

એ રાતે જરાયે ઝાકળ પડી નહિ, પણ માણસને ૧૯ કલાકમાં સૂકવી નાખે એવો પશ્ચિમી પવન ફૂંકાતો રહ્યો. મારી જીભ તો પ્લાસ્ટર ઑફ પૅરીસ જેવી થઈ ગઈ હતી. અને એવો તો ગંદો સ્વાદ છૂટતો હતો! આંખોમાં પ્રકાશના કણ નાચતા હતા. અમારી સાથે થોડું ઇથર હતું તે પીવાનો મેં પ્રયત્ન કરી જોયો! પણ એ તો જાણે ચપ્પુ પીવાની વાત! પછી ૯૦ ડિગ્રીવાળું આલ્કોહોલ પીધું. પણ એણે તો મારું ગળું જ બંધ કરી દીધું.

બહાવરા બનીને અમે સવારના પહોરમાં જેટલું ચલાય એટલું ચાલી નાખવા ઝટપથી ઊપડ્યા. અમને લાગ્યું કે સૂરજ માથે આવે પછી ચાલવું સારું નથી. પાંચસો વારથી દૂર જતા કે અમે લથડી પડતા. થાક ખાધા વિના અમે આગળ જઈ શકતા જ નહોતા. પણ કંઈક અમને આગળ ને આગળ ધકેલતું હતું. થોડી વાર પછી દૃશ્ય જરા બદલાયું. માઈલ કે એથી આગળ રેતીના ઢગલા અને થોડા છોડ જેવું કંઈક હતું. હવે અમે બસો જ વારે બેસી પડતા.

મેં કહ્યું, 'ચાલો, આમ ને આમ આગળ પેલાં ઝાડવાં સુધી.'

હવે અમારી સહનશક્તિને છેલ્લે બુંદે અમે પહોંચ્યા હતા. મને લાગતું હતું કે ચોક્કસ મારા પગ હવે મને આગળ નહિ લઈ જઈ શકે.

અરે! આ શું દેખાયું? મેં પ્રીવોટ તરફ ફરીને જોયું. એ પણ મારી જેમ બાઘા જેવો ઊભો હતો. શું હતું એની કંઈ સમજણ ન પડી.

અમે રેતીમાં પગલાં દીઠાં!

તે પછી તરત મને કૂકડાનો અવાજ સંભળાયો. મેં વિચાર્યું, હવે કાને પણ મૃગજળની મશ્કરી માંડી કે શું?'

પ્રીવોટ મારો હાથ પકડીને કહે, 'સાંભળ.'

'શું?'

'કૂકડો.'

હં. હવે કોઈ શંકા રહી નહિ. નક્કી અમે બચી ગયા!

અચાનક રેતીના એક નાના ઢગલા પાછળથી એક આરબ દેખાયો. અમે બંને જણે અમારા કંઠ તાણીતાણીને બૂમો પાડી.

પણ અમારા અવાજ ૫૦ વારથી દૂર જતા જ ન હતા. આરબ ધીમેધીમે દેખાતો બંધ થતો હતો અને અમારામાં તેની પાસે દોડીને પહોંચવાની તાકાત રહી નહોતી!

વળી બીજો આરબ ઢગલા પાછળથી દેખાયો. ફરી અમે બૂમો મારી; પણ કંઈ વળ્યું નહિ. પછી અમે હાથ હલાવ્યા. પણ આરબ તો બીજે જ જોઈ રહ્યો હતો' અંતે કોણ જાણે કેટલી યે વારે એ પાછો ફર્યો. અદ્ભુત! અદ્-ભુત! એ અમારી તરફ જ આવતો હતો.

એ માત્ર અમારી તરફ જોઈ જ રહ્યો. પછી અમ રા ખભા પર હાથ દાબીને અમને રેતીમાં બેસાડી દીધા. એ વખતે જાતિભેદ કે ભાષાની મુસીબત કશું ન હતું. જે હતું તે એ કે એક ગરીબ બીચારો આરબ અમારા ખભા પર એના દેવ જેવા હાથ મૂકતો હતો!

થોડી વાર તો અમે એમ ને એમ પડી રહ્યા. છેવટ એ એક તાંસળીમાં અમારે માટે પાણી ભરી લાવ્યો. ઢોરની જેમ ઊંધા પડીને, અમે તે પર તૂટી પડ્યા. અમે ગજબ ચાલ્યા હતા. (જ્યારે એક અઠવાડિયા પછી અમે અમારો રસ્તો શોધવા પાછા નીકળ્યા ત્યારે ખબર પડી કે આ જે મેં કહ્યું એ બધું મળીને ૧૨૦ માઈલ અમે ચાલ્યા હતા!)

આરબે અમને સમજાવ્યું કે અહીં પડોશમાં અમારા જેવા યુરોપિયન વસે છે. ઊંટની પીઠ પર ચઢીને અમે ઊપડ્યા. ત્રણ કલાક સુધી આમતેમ હડદોલાયા પછી અમે અમારા તારણહારને કહ્યું કે અમને અહીં રાવટીમાં પડી રહેવા દો. અને એ મદદ શોધવા આગળ ગયા. સાંજે સાત વાગ્યે હથિયારબંધ આરઆરબોથી ભરેલી એક મોટર આવી ને અમને લઈ ગઈ. મધરાતે અમે ડેરામાં પથારીમાં પડ્યા હતા. . . . .

વિનોદ કોઠારી


[ધી 'ઍટલાન્ટિક મન્થલી'માં આવેલી મૂળ કથા પરથી સપ્ટેમ્બર'૩૮ના 'રીડર્સ ડાઈજેસ્ટે' ટૂંકાવેલા સ્વરૂપ ઉપરથી. 'નાઈટ-ફ્લાઈટ' અને 'વિન્ડ, સૅન્ડ ઍન્ડ સ્ટાર્સ'ના વિખ્યાત લેખક આન્ત્વાને દ સેંત એક્ઝુપેરીએ આ વાત લખી છે. આનું મૂળ નામ 'ક્રૅશ ઇન ધ ડેઝર્ટ' છે 'વિન્ડ, સૅન્ડ ઍન્ડ સ્ટાર્સ'માંનો, આ વાર્તા એક ભાગ છે.]

(અનુ. પૃ. ૨૦૦થી) પાંડિત્યના જડ ભાર તળે કદી દબાયાં નહોતાં. તેમનાં જીવનજળ પ્રજ્ઞાનો પાર પામી ચૂક્યાં હતાં આખી જિંદગી જેણે જ્ઞાનદાનના, સેવા ને ત્યાગના મહોત્સવમાં સમર્પી હતી તેને માટે કોઈ તિમિરછાયી દિશામાં એવો જ ઉત્સવ ઊજવતાં ઊજવતાં વિલય પામવું તેના કરતાં વધારે ધન્ય શું હોઈ શકે? આયુષ્યનાં એ વીસ વરસ પર તેમણે હસતે મુખે ચોકડી મારી દીધી અને કાળની પાસેથી અમરત્વનું વરદાન એ વરી ચૂક્યા. સંઘ સ્થવિર રત્નાકરની પણ અનુજ્ઞા માગી તેમણે તિબેટ તરફ પ્રયાણ કર્યું.

આચાર્ય દીપંકરનું બીજું નામ અતીશ પણ છે. નેપાળને જ માર્ગે તે તિબેટ પહોંચ્યા. તિબેટવાસીઓએ તેમને 'જો-દો-સેન પો' (રાહાપ્રભુ)ના પુણ્યનામથી નમન કર્યું. પૂરાં તેર વર્ષ સુધી તેમણે ત્યાં જ્ઞાનની સરિતાઓ વહેવડાવી. તિબેટની 'બોમ્ટન' નામક સર્વપ્રથમ ભવ્ય બૌદ્ધ શાખાના તે આદ્ય સ્થાપક ને પ્રચારક. કેટલાંયે પુસ્તકો તેમણે તિબેટન ભાષામાં લખ્યાં. ઈ. ૧૦૫૩માં ૭૩ વર્ષની ઉંમરે લ્હાસા નજીક નેથન નામના સ્થળે તે મહાનિર્વાણ પામ્યા. તેમનાં ભિક્ષાપાત્ર ને કમંડલ આજે પણ તિબેટમાં સંગ્રહિત છે.

અજ્ઞાન, ગરીબી ને ગુલામીમાં ધૂળભેગા થયેલા ભારતના ભગ્નાવશેષમાંથી આજે પણ કુલપતિ દીપંકર શ્રીજ્ઞાનની જીવનસૌરભ જ્ઞાન ને સમર્પણની ચેતનાભરી મહેકે છે. તેમની પુણ્ય-સ્મૃતિ એ નિર્ધન ભારતનું ગૌરવધન છે.

મકરન્દ દવે



માનવી કુદરતનાં બળો કેમ વાપરે છે

કુદરતે ભરેલા શક્તિના ભંડારોનો ઉપયોગ માનવી વિવિધ રીતે કરતો આવ્યો છે. કોલસા ને તેલ (પેટ્રોલ) જેવા એના કેટલાક ભંડાર કરોડો વરસ ચાલે એટલા અખૂટ છે; જ્યારે પવન જેવી અમુક કુદરતી શક્તિઓ માત્ર તે હોય તેટલા કાળ પૂરતી જ કામ લાગે છે. એ બધાં વિવિધ કુદરતી બળોને માનવીએ કેમ જોતર્યાં છે તે આ ચિત્રમાં દર્શાવ્યું છે. એમાંથી માનવીએ સૌ પહેલો ઉપયોગ પવન ને પાણીનો કર્યો. પવનનો ઉપયોગ પવનચક્કી દ્વારા ઘંટી કે યંત્ર ચલાવવામાં અને સઢ દ્વારા વહાણ ચલાવવામાં માનવી કરે છે. પડતા પાણીના ધોધની શક્તિનો પણ માણસ ઘણા વખતથી ઉપયોગ કરે છે. પુરાણા જળચક્ર–રહેંટથી માંડીને આજની 'ટર્બાઈન' એના નમૂના છે. જળધોધની શક્તિને ટર્બાઈન દ્વારા જોતરીને જે અમાપ વીજળિક શક્તિ ઉત્પન્ન કરવામાં આવે છે તેનો અજોડ નમૂનો ટાટાનું હાઇડ્રોલિક મથક છે. જળ અને પવનનો ઉપયોગ માનવી આમ સીધી રીતે જ કરે છે, જ્યારે બીજી શક્તિના ભંડાર તે રૂપાંતર કરીને વાપરે છે. સૂર્યના પ્રકાશની શક્તિ કામે લગાડવા તેણે સૂર્યયંત્ર યોજ્યું છે. તેમાં અરીસા જેવી ચકચકીત સપાટીવાળા કાચ કે ધાતુનાં પતરાં દ્વારા સૂર્યનાં કિરણોની ગરમીને કેન્દ્રિત કરી તે વડે યંત્રમાં ભરેલું પાણી ગરમ કરી તેની વરાળ તે ખપમાં લે છે. પણ માનવીએ વધુમાં વધુ ઉપયોગ તો કર્યો છે કોલસા અને તેલનો. કોલસા દ્વારા ગરમ પાણીની વરાળ કરી વરાળયંત્રનો આખો યુગ તેણે ઊભો કર્યો છે અને તેલને પણ કાચા (ક્રૂડ) અને શુદ્ધ (પેટ્રોલ) બંને સ્વરૂપમાં વાપરી યંત્રો ચલાવવામાં જોતર્યું છે. ક્રૂડ ઑઈલથી ચાલતાં ઑઈલ એન્જીન અને પેટ્રોલથી ચાલતી મોટરો તો સર્વવિદિત છે.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

લેખક
ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

[૯]

સાહિત્યમાં આવતા પશ્ચાત્તાપના પ્રસંગો મને બહુ અસર કરતા. પાઠશાળાના ચોથા ભાગમાં 'હવે બધું સૂઝે છે' નામનો પાઠ છે તે વાંચ્યા બાદ એવી દુઃખી દશા મારી કદિ ન થાય એ માટે હું સાવધ રહેતો. આપણને દુનિયામાં જણાતી અસમાનતા અને દુઃખમાં માણસનાં પોતાનાં કર્મો પણ ઘણી રીતે જવાબદાર છે એવી મારી પ્રતીતિ થઇ હતી, અને પાપને માર્ગે જવાથી મેં પણ તીવ્ર પશ્ચાત્તાપમાંથી પસાર થવાનું અગ્નિસ્નાન કરેલું હતું. તેથી રોજેરોજનાં મનસા વાચા કર્મણા થતાં કાર્યો અને વિચાર સુદ્ધાંને રોજ રાત્રે ત્રણ વખત તપાસી જઇને એની નિત્યનોંધ કરવાનું કામ મેં લાગટ પંદર વર્ષ સુધી કર્યું છે. 'ઉચ્ચ જીવનનું અઠવાડિયું' કરીને 'થીઑસૉફી ઇન એવરી ડે લાઇફ' નામની એક અંગ્રેજી પોથીનું મારા મિત્ર સ્વ. મણિલાલ નથુભાઈ દોશીએ ભાષાંતર કરેલું. તેનું દરરોજ હું પારાયણ કરતો.

મેરી કૉરેલીનું 'સૉરોઝ ઑવ સેટન' ટૉલ્સ્ટૉયનું 'રીસરેક્શન' ઑસ્કાર વાઇલ્ડનું 'પિક્ચર ઑવ ડોરિયન ગ્રે' તથા 'તોબેનસૂહ' નામની એક ધાર્મિક ચોપડી—એ બધાંમાંનાં કરુણાંત સાહિત્યદશ્યોમાં વર્ણવેલી વેદનાના સાક્ષાત્કારથી, શુદ્ધ નીતિમય ચારિત્ર્ય જ સાચું સુખ આપે છે એની દિનપ્રતિદિન મને ખાત્રી થતી ગઈ. ત્યારથી આત્મશુદ્ધિનાં સાચાં સુખ મેળવવાની જે ક્રિયા શરૂ થઈ છે તે આજ સુધી ચાલુ છે. સાહિત્યે, ધર્મે, જીવનચરિત્રોએ, 'હાં રે મને ઝેરી નાગોએ ડંખ દીધા' જેવાં કવિ નાનાલાલનાં કાવ્યોની ચીમકીએ, મને સદા જાગૃત રાખ્યો છે, સાહિત્યનાં મારા જીવન પરનાં અનેક ઋણોમાંનું આ ઋણ હું કદાપિ વીસરીશ નહિ.

કુદરતનાં એકાન્ત શાંત અને સુંદર સ્થળોએ બેસીને પ્રાર્થનાઓ કરવાની જે ટેવ મેં પાડી તેણે મને ખૂબ ફાયદા કર્યા છે પછી તો ધીમેધીમે એવાં એકાન્ત મને મધ્યરાત્રીઓ અને વહેલી પરોઢોમાંથી પણ મળવા લાગ્યાં. કળા અને કવિતાનો ઉદ્દેશ સાત્ત્વિક આનંદ આપવાનો ગણાય છે. એ આનંદ ઇન્દ્રિયોનો નહિ, પણ આત્માનું જે સત્ય, જ્ઞાન, ને આનન્દમય અમૃત સ્વરૂપ છે તે આનંદનો સાક્ષાત્કાર કરાવવાનો છે. સાહિત્ય, કળા અને કુદરતમાંથી હજારો વાર મને એ આનંદ મળ્યો છે ને હજુયે એની ભૂખ મટતી જ નથી.

પર્યટનો અને યાત્રાઓ, શિલ્પ અને સ્થાપત્ય, કાવ્યો અને નાટકો, સીનેમા અને સંગીત, નૃત્ય અને ભજનકીર્તન, સત્સંગ અને મિત્રમેળાપો, મેળા અને નિર્જન એકાન્ત એ બધું હું ભટકી રખડીને માણું છું. અરે, દેશસેવાને નામે ખેંચાતા આત્મસંતોષ પણ પેલા આનંદને પોતાનો કરવા માટેનું જ એક રૂપ છે. દેશસેવા કે પરમાર્થ એ તો માત્ર મનમનામણાં છે; મૂળે તો એ બધી પ્રવૃત્તિઓમાં પેલા સાત્ત્વિક આનંદનો સ્વાર્થ જ છે.

સાહિત્ય પરિષદો નીરસ થતી જતી હતી. વિદ્વાનોને પણ એ પ્રેરણા આપે એવી બનાવવાનો મને અભિલાષ હતો. અમદાવાદની પહેલી પરિષદ સ્વ. ગોવર્ધનરામના પ્રમુખપદે મળેલી તે હતી તો નાની, પણ બહુ પ્રોત્સાહક બનેલી. મુ. બળવંતરાય ઠાકોરે ગોઠવેલી રાજકોટની ત્રીજી સાહિત્ય પરિષદ પણ સુવ્યવસ્થિત, સુંદર ને પ્રેરક હતી.

૧૯૨૦ની અમદાવાદની છઠ્ઠી પરિષદ સર્વાંગસુંદર ને પ્રેરણાદ થી બને એવો મનોરથ મારા સ્વ. મિત્ર હીરાલાલે અને મેં કર્યો અને ગાંધીજીને એની વાત કરી. સાથે વિનતિ પણ કરી કે કવિવર ટાગોરને પરિષદ પર ખાસ આમંત્રણ આપો. એમણે એ આપ્યું અને અનેક વિઘ્નો વટાવી, અમે રવીન્દ્રનાથને અમદાવાદ બોલાવ્યા.

ટાગોરે આપણને પ્રેરણા આપી તેમ ગુજરાત તરફથી એમને પણ કંઇક પ્રેરણા મળે એવી રચના અમારે કરવી હતી, કારણ કે ગુર્જરદેશ કંઇ અમારે મન રાંક કે પૈસાખાઉ નહતો; એ હતો ગુણિયલ અને સંસ્કારી.

વસંત વૈતાલિક કેસૂડાંનાં ફૂલો, ચોઘડિયાં, સંસ્કૃત તેમજ ગુજરાતી મીઠાં સત્કાર ગીતો, લલિતજીનાં મંજીરાં, એકતારાવાળાઓનાં ભજનો; દાંડિયા પાવા અને ગરબા, ગાલીચા કિનખાબ ચિત્રો અને લાકડાની કોતરણી, રાણી બાગમાં રંગરંગીત પ્યાલાની ઠંડી રોશની અને ફૂલોના શણગાર, એ બધાં વડે કવિને ગુજરાતે ભરી દીધા.

ટાગોરે ગરબા ને એકતારાની ખૂબ સ્તુતિ કરી. એ કહેવા લાગ્યા કે 'આ બાળાઓને તમે મારી સાથે શાન્તિનિકેતન મોકલો. હું એમની બાદશાહી પરોણાગત કરીશ અને જીવની માફક સંભાળીશ.'

પછી આવી ૧૯૨૧ની કૉંગ્રેસ. દાસબાબુને સરકારે જેલમાં પૂર્યા હતા એટલે હકીમ અજમલખાનને પ્રમુખ બનાવવા પડ્યા. મેં મારા સાથીદારોને કહ્યું કે કૉંગ્રેસ તો આપણી કુળદેવતા છે. એનું મંદિર ભવ્ય અને સુંદર બનાવવું જોઇએ. બધાએ એ વાત મંજૂર કરી અને મેં ત્યાં ત્રણ દરવાજા અને ઉપર નગારખાનાં તો ગોઠવ્યાં. પણ ખર્ચમાં વિવેકી અમદાવાદ મંડપનો શણગાર કરવાની ના પાડતું હતું.

એક સરદાર વલ્લભભાઈ, રવિશંકર રાવળ અને હું, ત્રણ જણ આકર્ષક ક્રિયાકાંડ અને યજ્ઞસમારંભ શા દેદિપ્યમાન ઠાઠમાં માનતા હતા. તેનું હજારબેહજારનું ખર્ચ કરવા સત્કારમંડળ મંજૂરી આપે નહિ અને દિવસો તો પાસે આવતા ગયા. આખરે વલ્લભભાઈની સૂચનાથી એક ખરે બપોરે હું મહાત્માજી પાસે પહોંચ્યો ને કૉંગ્રેસમંડપને કલામય કરવાની આજ્ઞા માગી. એ કહે 'દાસબાબુ જેલમાં છે એ શોકનો પ્રસંગ છે. મંડપ તો સાદો જ રાખો.' હું નિરાશ થયો. મહાત્માજીએ એ જોયું. મને કહે, 'ફરી પૂછો! મેં તો ઉપરઉપરથી જ જવાબ આપ્યો છે.' મેં કહ્યું 'જેલને તો આપ ઉત્સવ કહો છો, ને આપે શોક ક્યારથી ગણવા માંડ્યાં?' મહાત્માજી કહે, 'એને ઉત્સવના અર્થમાં પણ લઇ શકાય.' મેં કહ્યું 'તો હવે જુઓ; અમે કોઈ દેવદેવીને માનતા નથી. અમને સાચી પ્રેરણા કૉંગ્રેસે જ આપી છે. એ છે ભારતમાતાનું પ્રતીક. ઘણાં યુવકયુવતી આ મંદિર પહેલી જ વાર જોશે અને એમને સ્વદેશભક્ત તો આપણે બનાવવાં છે. ફૂલ-પાન, ધજા-તોરણો અને ચિત્રોથી અમને આ મંદિર શણગારવા દો.'

મહાત્માજીએ હા પાડી. પછી તો 'ભારત માતા', 'દધિચીનું અસ્થિ-અર્પણ', 'બુદ્ધનો ગૃહત્યાગ', હઠીસિંહનાં દહેરાં અને જુમા મસ્જિદનાં ચિત્રો શ્રી રવિશંકર રાવળની દેખરેખ નીચે તૈયાર થયાં. શહીદોની નામાવલિ રચાઈ; મંડપને રોજ નવાં નવાં ફૂલ-પાન ને આકૃતિઓથી શણગારવામાં આવ્યો. અને 'મરાઠા' પત્રના સુપ્રસિદ્ધ તંત્રી શ્રી કેળકરે લખ્યું કે 'મંડપ તો એવો સુંદર બન્યો હતો કે જોયા જ કરીએ.' બબ્બે આનાના માત્ર મંડપ જોવાની ફી રાખી હતી એમાંથી જ બેત્રણ હજાર તો મળી ગયા માત્ર એ અમદાવાદ કૉંગ્રેસના પુણ્યસ્મરણરૂપ એ ચિત્રો મખ્ખીચૂસ અમદાવાદ રાખી ના શક્યું. તે લઈ ગયા શ્રી જમનાલાલ બજાજ. અને કશી નવાઇ નથી કે પછી એ ખુદ મહાત્માજીને પણ અમદાવાદમાંથી લઈ ગયા! (ચાલુ)



માધુકરી

'હે ઔષધિ, અગર કો વરદાન, દેવ !
મારે થવું અમર, અંતર એ જ વાંછા.'
તેં તો કહ્યું, 'અમરતા તવ હાથમાં છે;
સાચી રીતે પ્રથમ તો મરતાં શીખી લે!'

—મકરન્દ દવે

વાઘેલો ગુજરાતી

બાવીસસો વર્ષ પહેલાંનો જાણીતો ખલાસી

ગ્રીક તવારીખનવેશોએ સિકંદર બાદશાહની ચડાઈનું જે વિગતવાર વર્ણન કર્યું છે તેમાંથી આ નીચેની તારવણી કરેલી છે.

સિકંદરને પંજાબથી પોતાને વતન પાછા જવું હતું, પરંતુ વચગાળાના મુલકોમાં લોકોએ બળવો ઉઠાવ્યો હતો ને સામંતો ખૂટ્યા હતા. વળી તેનું લશ્કર પણ કંટાળી ગયું હતું ને થાકી ગયું હતું. સિકંદરની કીર્તિ માટે વધારે લડવાને હવે તે નારાજ હતું.

તેને દરિયા રસ્તે જવું પડ્યું. પણ આખા લશ્કરને જોઈએ એટલાં વહાણો ક્યાંથી લાવવાં? એ વહાણો ચલાવે કોણ?

સિકંદરે તપાસ ચલાવી રાજા પોરસ પાસે માગણી કરી. એની તપાસનું પરિણામ એ આવ્યું કે ગુજરાતનાં વહાણવટી વગર આટલાં બધાં વહાણો બીજું કોઈ પૂરાં પાડી શકે નહિ ને ગુજરાતના ખલાસી વગર બીજો કોઈ શાહ સિકંદરના લશ્કરને લઈ જઈ શકે નહિ

એટલે ભરૂચમાંથી એક હોશિયાર ખલાસીને બોલાવવામાં આવ્યો. એનું નામ હતું વાઘેલા. વાઘેલા સાત સાગરની સફર ખેડી ચૂકેલો હતો. દરિયામાં એણે દૂરદૂરની ને લાંબી સફરો ખેડી હતી. ભૂગોળના જાણકારોએ કદિ કાને પણ નહિ સાંભળ્યા હોય એવા મુલકો એણે જોયા હતા. એ વાઘેલાને શાહ સિકંદરના સૈન્યને દરિયાવાટે સલામત લઈ જવાનું કામ સોંપાયું.

બૅબીલોનમાં શાહ સિકંદરનું ખૂન થયું અને ત્યાર પછી એની પાછળ એનું રાજ્ય એના સરદારોએ વહેંચી લીધું. તેમાં ઍથેન્સ અને ગ્રીસ જે સરદારના હાથમાં આવ્યું તેણે વાઘેલાની પાસે બે ગ્રીક ભૂગોળશાસ્ત્રીઓ મોકલ્યા અને ઇરાન, હિન્દ તથા ચીન વિષે એની પાસેથી માહિતી મેળવી. એ ભૂગોળશાસ્ત્રીઓએ દુનિયાનો સૌથી પહેલો ભૂગોળનો ગ્રંથ લખ્યો. એનું નામ રાખ્યું 'જાણેલી, જોએલી ને સાંભળેલી દુનિયાનો સાર.'

એ વાઘેલા સંબંધે ગુજરાતમાં ક્યાંયે નોંધ કે ઉલ્લેખ નથી; પણ પરદેશી તવારીખનવેશોએ એનું નામ દુનિયાના સૌથી વધારે સમર્થ વિજેતા ને દુનિયાના સૌથી પહેલા ભૂગોળના ગ્રંથ સાથે જોડ્યું છે.

(જીવન) —ગુણવંતરાય આચાર્ય

ગાય અને તુલસી

સર રોનાલ્ડ રૉસની શોધખોળથી નક્કી થયું છે કે ઍનોફીલીસ નામના મચ્છરના દંશથી મૅલેરિયાના જંતુ માણસના લોહીમાં પ્રવેશે છે ને તેથી મૅલેરિયા થાય છે. હિંદમાં દર વર્ષે એક કરોડ માણસો એના ભોગ થઈ પડે છે ને તેમાંથી લાખોની જીવહાનિ થાય છે!

મૅલેરિયાના નિવારણ માટે કાં તો એ મચ્છરોનો નાશ થવો જોઈએ અગર તો તે ન કરડે તેવો પ્રબંધ થવો જોઈએ.

મૅલેરિયા જંતુઓની વાહક ઍનોફીલીસ મચ્છરની માદા હોય છે. ગર્ભાધાન બાદ ઈંડાં મૂકતાં પહેલાં તેને લોહીનો ખોરાક જોઈએ છે. આ માટે તે (મોટે ભાગે નિશાચર હોઈ) ઊંઘતા માનવીના લોહીમાં પ્રથમ ડંખ મારી તે વાટે વિષ ઢાલવે છે, ને પછી તેનું લોહી પીએ છે.

મચ્છર માનવ લોહીનાં જ તરસ્યાં હોય છે એવું કંઈ નથી. માનવ-લોહી કરતાં તેમને ગાય અને ઘોડાનું લોહી વધારે પસંદ હોય છે. વૈદકશાસ્ત્રના તજ્જ્ઞોનું કહેવું છે કે ઘરઆંગણે ગાય કે ઘોડું પાળેલાં હોય તો રોગદાતા મચ્છરોના દંશથી રક્ષણ મળે.

માનવ-વસવાટથી મચ્છરો દૂર નસાડવાનો બીજો ઉપાય તુલસી છે. જેમ સાપ ડમરાના છોડ પાસે ઢૂકતા નથી તેમ મચ્છરો તુલસીથી વેગળા ભાગે છે. સર જ્યૉર્જ બર્ડવૂડ તુલસીના આ ગુણની મહત્તા દર્શાવતાં લખે છે કે 'મુંબાઈમાં વિક્ટોરિયા ગાર્ડન અને આલ્બર્ટ મ્યૂઝિયમ બંધાતાં હતાં તે વખતે કારીગરો અને મજૂરો મચ્છરોના ઉપદ્રવ ને ઉપરાઉપરી તાવના હુમલાથી અત્યંત ત્રાસી ગયા હતા. એ ત્રાસ નિવારવા એક હિંદુ મૅનેજરની સૂચનાથી બાગની વાડો ઉપર તુલસી અને તેના વર્ગના છોડ રોપાવ્યા અને અજાયબરીતે થોડા જ દિવસમાં ત્યાંથી મચ્છરો અદૃશ્ય થઈ ગયા, તાવનો ઉપદ્રવ નાબૂદ થઈ ગયો ને રોગના ધામ જેવી ગણાતી એ જગ્યા નિરામય બની ગઈ.'

એક જમાનામાં ભાવિક હિંદુ ઘરઆંગણે તુલસીવૃંદ ઉછેરવાનો ને ગોસેવાનો મહિમા-ધર્મ હતો. આ મૃત ધર્મભાવનાનું પુનઃ પ્રતિષ્ઠાપન કરી આપણે સ્વાસ્થ્ય-રક્ષણ કાં ના મેળવીએ? —ડૉ. શિવપ્રસાદ ત્રિ.

ચિત્રવિચિત્ર સિક્કાઓ

અનેક દેશોએ સખત તંગીના અને અનિવાર્ય જરૂરિયાતોના પ્રસંગોએ ચિત્રવિચિત્ર ચીજોને સિક્કા તરીકે વાપરેલી છે. મેક્સિકોની સરકારે રૂપિયાને બદલે સાબુને સિક્કા તરીકે ચલાવેલો. સાબુની ગોટી પર સરકારી છાપ જ્યાં સુધી વાંચી શકાતી ત્યાં સુધી એ ગોટીના બદલામાં સોદો ખરીદી શકાતો.

આજે ચીનના અમુક ભાગોમાં કાળી ચાહના ગઠ્ઠા નાણાં તરીકે ચલાવાય છે. ઇટલી-ઍબિસીનિયાના યુદ્ધ વખતે મીઠાના ગાંગડાનો ઉપયોગ નાના સિક્કાઓ તરીકે થએલો. તુર્કી સરકાર પણ સિક્કાને બદલે ટિનનું પતરું ચલાવી ચૂકી છે. ન્યૂ ફાઉન્ડલૅન્ડની સરકારે દીવાસળીની પેટીઓનો વિરાટ જથ્થો બૅન્કો મારફત સિક્કા તરીકે ચલાવેલો!

સ્પેઈનના જંગમાં ત્યાંની સરકારે સમગ્ર નિકલ કેવળ યુદ્ધ-હેતુઓ માટે જ વાપરવા માટે નિકલના સિક્કાને બદલે કાગળનાં પૂઠાંની ટિકિટો ચાલુ કરી હતી. અફઘાનિસ્તાનના અમીર અમાનુલ્લાહખાનના ગાદી-ત્યાગ પછી બચ્ચાએ-સાકુએ ધાતુના તમામ સિક્કાઓનો ઉપયોગ એ વખતે બંદૂકની ગોળીઓ બનાવવા પાછળ થઈ ચૂકેલો હોવાના કારણે ચામડાના ટુકડાઓથી સિક્કાનું કામ લીધું હતું. થોડાંક વર્ષ પૂર્વે ચીનાઈ ડૉલરની કિંમત ઘણી વધી ગઈ હતી અને એ સિક્કો લગભગ અપ્રાપ્ય બની ગયો હતો ત્યારે ઘણા વેપારીઓએ મોટીમોટી રકમોને માટે પણ ટપાલની ટિકિટોનો ઉપયોગ કર્યો હતો.

આવાં ઉદાહરણોનો અંત આવે એમ નથી. પોર્ટુગાલે ઘાસનો, ફીજી ટાપુઓએ વ્હેલ માછલીના દાંતોનો અને વર્જિનિયા પ્રાંતે તંબાકુનો ઉપયોગ નાણાં તરીકે કર્યો હતો. પણ ચીને તો આ મામલામાં હદ જ કરી દીધી. એક વખત તો ત્યાં ઉંદરની પૂંછડીથી સિક્કાનું કામ લેવાઈ ચૂક્યું છે! —ઇ. સ. દ.

આ માસ ઈતિહાસમાં

ડીસેમ્બર

તા. ૩ બાબુ રાજેન્દ્રપ્રસાદનો જન્મ, ૧૮૮૪

તા. ૭ મ્હેસૂરના સિંહ હૈદરઅલીનું અવસાન ને ટીપુ સુલતાનનો રાજ્યાભિષેક ૧૭૮૨

તા. ૧૧ સ્વદેશી સાહસની પહેલી હિંદી બૅંક સેન્ટ્રલ બૅંક ઑફ ઇન્ડિયા સ્થપાઇ, ૧૯૧૧


તા. ૧૭ ૧૯૦૮ની મદ્રાસ કૉંગ્રેસના પ્રમુખ શ્રી લાલમોહન ઘોષનો જન્મ, ૧૮૪૯

તા. ૨૧ વિક્ટોરિયન યુગની જાહોજલાલીમાં અગત્યનો ફાળો પૂરનાર બ્રિટનનાં યહુદી વડા પ્રધાન બેન્જામીન ડિઝરાએલીનો જન્મ, ૧૮૦૪

તા. ૨૮ હિંદની રાંક વસતિના મોંમાં રોટલો પૂરનાર 'અખિલ ભારત ચર્ખાસંઘ'ની સ્થાપના, ૧૯૨૩

આ માસની વ્યક્તિવિશેષ

ટૉમસ કાર્લાઇલ



આ બ્રિટિશ નિબંધકાર, ઇતિહાસકાર, અને તત્વચિંતકનો જન્મ ઇંગ્લાંડના ડમ્ફ્રીશાયર પરગણામાં એક કડીયા પિતાને ત્યાં થયો હતો. તેમણે એડિનબરોમાં ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી જીવનની શરૂઆત શિક્ષક તરીકે કરેલી, પણ તુરત જ તેમણે સાહિત્યના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. વીલ્હેમ મીસ્ટરની 'ઉમેદવારી' તથા જર્મન સાહસ કથા 'પ્રવાસ ભા. ૪'ના અનુવાદોએ એમને સારી પ્રસિદ્ધિ આપી ૧૮૨૬માં એક પ્રતિભાશાળી બાઈ, અને પત્રલેખિકા વેલ્શ જેઈન સાથે લગ્ન કરી તેઓ ક્રેઇજનપુટ્ટક ગયા. ત્યાં તેમણે 'સાર્ટર રીસાર્ટસ' અને બીજા વિખ્યાત નિબંધો લખ્યા. ૧૮૩૪માં તેઓ ચેયન રોએલ્સી, ગયા અને ત્યાં જીવનનો કેટલોક ઝંઝાવાતી કાળ પસાર કર્યો.

ફ્રેંચ બળવાનું તેમનું પ્રસિદ્ધ પુસ્તક તો ૧૮૩૭ સુધીમાં તૈયાર થયેલું, પણ તે તેમને તાત્કાલિક લાભ આપી શક્યું નહિ છતાં હેરિયેટ માર્ટિનો અને બીજા મિત્રોના આગ્રહને લઈ તેઓ અમેરિકા જતા રહી ગયા. 'વીર ને વીર પૂજા'ના તેમનાં વ્યાખ્યાનો, 'ઓલિવર ક્રોમવેલના પત્રો ને વ્યાખ્યાનો', 'લેટર ડે પત્રિકાઓ', 'જોન સ્ટર્લિંગનું જીવનચરિત્ર' અને 'ફ્રેડરીક ધ ગ્રેટના ગ્રંથો' એ એમના કિર્તિસ્થંભો છે ૧૮૮૧ના ફેબ્રુઆરીની ૪થી તારીખે તે અવસાન પામ્યા.

શા કાજ આંસુ સારવાં? શાને ઊંડા નિશ્વાસ?
હસતે મુખે પ્રારબ્ધનાં કરતા જશું ઉપહાસ.

—ટાગોર–મેઘાણી

પં. મોતીલાલ નેહરૂના પ્રમુખપદે કલકત્તામાં મળનારી મહત્વની કૉંગ્રેસમાં જવા નીકળેલા પં. માલવિયાજી તેમની સાથે વાતો કરીને એક સ્ટેશને ઊતરી પોતાના ડબ્બામાં બેસવા જતા હતા ત્યાં ગાડી ઊપડી. ગાડી વેગમાં આવી હતી અને પંડિતજી તેમાં ન બેસે તો કલકત્તે વખતસર પહોંચી શકે તેમ ન હતું એવામાં અચાનક ગાડી થોડે દૂર જઇ ઊભી રહી અને છેલ્લા ડબ્બામાંથી એક માણસે ગાર્ડ પાસે જઈ કહ્યું કે 'સાહેબ, પેલા ગૃહસ્થને કલકત્તે જવાની બહુ જરૂર હોવાથી મેં સાંકળ ખેંચી છે! એમ કહી દંડના ૫૦ રૂપિયા તેણે ગાર્ડના હાથમાં મૂક્યા. પંડિતજી ગાડીમાં ચડી ગયા અને કલકત્તા સ્ટેશને ગાર્ડનો આભાર માનવા જતાં તેણે જ્યારે હકીકત જણાવી ત્યારે આશ્ચર્યચકિત થઈ એ માણસની ખૂબ શોધ કરી. પણ તેનો પત્તો યે લાગ્યો નહિ.

અનેકાર્થી શબ્દ: **મૂંગો**=બોલી ન શકે તેવું, અવાચક, શાન્ત; ઘોડો, બળદ વગેરે પશુનું મોં ઉઘાડતાં તે ન કરડે તે માટે તેના હોઠ કે કાનને આમળો લેવા માટે બનાવેલું દોરડીનું સાધન; સાંચાકામમાં કોઇ સ્થળે પરોવેલો સળિયાની કળી જતો અટકાવવા માટે વપરાતી 'સ્પ્લિટ-પિન'. ચૂડી ઉપર ચીપ જડવા માટે વપરાતી બે ફાંડિયાંવાળી એજ પ્રકારની ખીલી.

કહેવતોના અર્થ: 'મોઈ બૅંશના મોટા ડોળા'. કોઇ માણસના મરણ પછી અગર કોઇ વસ્તુની ગેરહાજરી કે અભાવમાં તેની અગત્ય વધારે જાણીને તેનાં વધુ પડતાં વખાણ કરવામાં આવે ત્યારે વપરાતી આ કહેવતમાંનો ઉપાલંભ સ્પષ્ટ છે. તેને મળતી બીજી કહેવતો: 'જીવતા લાખના ને મૂઆ સવા લાખના'; 'મૂઇ ભેંશનાં ઘી ઘણાં', 'જીવતાં પ્રમડું પાણી નહિ ને મૂએ મસાણમાં ગાય' વગેરે.

અમદાવાદ વસાવનાર બાદશાહ અહમદશાહ મૂળ હાસરા પાસેના એક ગામના સૂર્યવંશી ટાંકરજપૂત જાતિમાંથી મુસલમાન થએલા હતા.

હિંદમાં યુનિવર્સિટી શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા આજે પોણા બે લાખની છે. ૪૦ કરોડની વસતિનો ૨૩૦૦મો ભાગ!

ચામડા પર ઊભ કે ફૂગ વળીને પડેલા ડાઘ કાઢવા માટે ત્યાં વેસેલિનનો આછો હાથ મારી તડકામાં સુકાવા મૂકો.



નવાઈ લાગશે; પણ વાત ખરી છે. કેમકે સોનું એવી મુલાયમ ધાતુ છે કે તેમાંથી જેટલો બારીક તાર ખેંચી શકાય તેટલો લોઢામાંથી ન ખેંચી શકાય. પરિણામે એક માઈલ તારમાં સોના કરતાં લોઢું એટલું વધારે જોઇએ કે ઉલટું સોનું સસ્તું પડે!

આપણું હૃદય ૫ ઇંચ લાંબું ને ૩½ ઇંચ પહોળું હોય છે. પુરુષશરીરમાં તેનું વજન ૮થી ૧૨ ઔંસ હોય છે, સ્ત્રીનામાં ૮થી ૧૦. મિનિટે લગભગ ૭૦ ધબકારા એ મારે છે, પરંતુ સ્ત્રીઓ તથા બાળકોમાં એથી વધારે.

આપણા શરીરમાં બધાં મળી ૨૪૯ હાડકાં છે, ૫૨૦ સ્નાયુઓ છે અને એટલી જ મજ્જાતંતુઓ ને રક્તશિરાઓ છે.



આકૃતિમાં ડાબે ખૂણે બતાવ્યા પ્રમાણે બે મોટા બૂચમાં વચ્ચે વેહ અને પડખામાં આંકો પાડી એ ગરમ પાણીની કિટલીના આંકડિયામાં ભરાવી દેવાથી, કીટલી નમાવીને પાણી કાઢતી વેળા ઢાંકણાંને પડી જતું અટકાવશે.



વૃષભ-દમન

ચિત્રકાર · મનુ વ્યાસ (ગુજરાત કલામંડળ · મુંબાઇ)



યુનાઇટેડ સ્ટેટ્સના ટિકિટો પર એ દેશના સાંસ્કારિક પ્રગતિમાં ફાળો આપનાર પ્રતિભાવાન માનવીઓ : ડાબી બાજુથી (૧) એડવર્ડ મૅકડૉવેલ-સંગીતશાસ્ત્રી; (૨) શ્રીમતી ફ્રાન્સિસ વિલાર્ડ-સુધારક અને મદ્યનિષેધક; (૩) ડૅનિયલ ચેસ્ટર ફ્રેન્ચ-શિલ્પી; (૪) વૉલ્ટ વ્હિટમૅન-કવિ; (૫) એલિયાસ હૉવે-સીવવાના સંચાનો શોધક; (૬) ડૉ. વૉલ્ટર રીડ-ટાઇફૉઇડ અને યલોફીવર ઉપર જનઉપયોગી સંશોધક. (હરિલાલ શૅકર–વઢવાણ કૅમ્પ–ના સંગ્રહમાંથી)